**સુવિચાર**

પોતાને માટે શું સારું છે તે નક્કી કરવાની હોંશિયારી જુવાનીમાં આવવી જોઈએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૮/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૦૨

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦

## સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓ આળશ ખંખેરે તે જરૂરી

# બાબાપુરમાં બાળક બાદ વાછરડી રાનીપશુનો શિકાર બની

**ચૂંટણીનાં સમયે હથેળીમાં ચાંદ બતાવનાર એકપણ પદાધિકારી શ્રમિક પરિવારને સાંત્વનાં પાઠવવા પહોંચ્યા નથી**

**બાબાપુર, મેડી, સરંભડા સહિતનાં અનેક ગામોની જનતા ફફડતા હૈયે જીવન પસાર કરે છે**

**સમગ્ર પંથકમાં ૭ થી ૮ દીપડાઓ આંટાફેરા મારતાં હોવાનું ગામજનો જણાવી રહ્યા છે**

**સત્તાવાદ અને મુડીવાદનાં માહોલમાં શાસકોને આમ આદમીની જીંદગીની કોઈ ચિંતા થતી નથી**

અમરેલી, તા. ૬

અમરેલીનો બાબાપુર પંથક અત્યારે ભયથી થથરી રહ્યો છે. રાત્રીનાં લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. પશુપાલકો અને ખેડુતો જીવ નાં જોખમે પોતાનો વ્યવસાય કરવા માટે મજબુર છે.

વિગતવાર જોઈએ તો વધતી વસ્તી અને જંગલોમાં માણસની વધતી પેશ કદમીનાં પરિણામે છેલ્લા એક દશક થી હિંસક વન્ય પશુઓએ રેવન્યુ વિસ્તારમાં પોતાનું રહેઠાણ બનાવી લીધું છે. હવે સ્વાભાવિક છે કે તેઓ તેમનાં કુદરતી સ્વભાવ અનુસાર વર્તન કરવાનાં છે અને તેથી માણસો અને હિંસક પશુઓ વચ્ચે ઘર્ષણ થવાનું જ છે અને તેમાં બન્નેને નુકસાન થવાનું પણ નિશ્ચિત છે.

હવે આવી સ્થિતિ નિવારવાની જવાબદારી સરકારી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની છે અને તે બંને આ બાબતે ઉણા ઉતાર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત શનિવારે બાબાપુર ગામ પાસે એક શ્રમિક પરિવારનાં સાત વર્ષનાં માસુમ બાળકનો દીપડા એ શિકાર કર્યો હતો. આ બાબતે



હોબાળો થતાં વનવિભાગ હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક પાંજરા ગોઠવી એક 'દીપડા'ને ઝડપી લીધેલ. પરંતુ એ સ્પષ્ટ નથી કે આ તે જ માનવભક્ષી દીપડો છે કે અન્ય છે. કારણ કે સ્થાનિકોનાં જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં સાતથી આઠ દીપડા છે અને

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાનાં શાસકોને રોગચાળાનાં માહોલમાં જનઆરોગ્યની ચિંતા નથી

# હદ થઈ : બાબરાનાં વોર્ડ-૩માં ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળતાં રોગચાળાનો ખતરો

**સ્થાનિકોએ રોગચાળો ફેલાઈ તે પહેલા કાર્યવાહી કરવા માંગ કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં નગરપાલિકા વિસ્તારના વાર્ડ નંબર ૩ ના વાલ્મિકી વાસમાં ખુલી ગટર અને શૌચાલયનું પાણી શેરી વિસ્તારમાં ફરી વળતા સ્થાનિક રહીશ દ્વારા પાલિકામાં રજુઆત કરી ખુલ્લી ગટરને ભૂગર્ભ ગટર સાથે જોડવાની માંગણી કરેલ છે.

આ વિસ્તારમાં રહેતા લોકોએ જણાવ્યું હતું કે, અહીં ખુલ્લી ગટર તેમજ શૌચાયલનું ગંધાતુ પાણી શેરીમાં ફરી વળતા ખુબજ દુર્ગંધ આવે છે જેના કારણે આસપાસ રહેવું મુશ્કેલ બન્યું છે. તેમજ દરોજ આ ગંધાતા પાણીમાંથી પસાર થવાની ફરજ પડે છે.

હાલ ઋતુજન્ય રોગચાળા ચાલી રહ્યો છે અને નવો ચાંદીપુરા રોગ પણ સામે આવી રહ્યો છે. ત્યારે આ વિસ્તારના લોકો રોગચાળાની લપેટમાં આવે તે પેહલા નગરપાલિકા દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી આ વિસ્તારના રહીશો દ્વારા કરવામાં આવી છે.

## ત્રીજા એડી. સેશન્સ અને સ્પે.પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતા

# ધારીનાં દીતલા ગામની સીમમાંથી તરૂણીનું અપહરણ કરી શરીર સંબધ બાંધનારને ૨૫ વર્ષની સજા

**સરકારી એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ રહી**

અમરેલી,તા.૬

મુળ ખત્રીવાડા(તા.ઉના) અને હાલ દીતલા(તા.ધારી) વાળાની સગીરવયની પૌત્રી ભોગ બનનાર વાળીને જુનાગઢ ગામે આવેલ ગીરનાર દરવાજા,ગણેશનગર, માછલીઘર પાછળ રહેતા પરેશ ઉર્ફે પ્રવિણભાઈ શંકરભાઈ વારસુર નામનો આરોપી ગત તા. ૬/૧૦/૨૦૧૭ના રોજ દીતલા ગામની સીમમાંથી તેણીના દાદાના કાયદેસર વાલીપણામાંથી સગીર વયની હોવાનું જાણવા છતા આરોપી લલચાવી ફોસલાવીને બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો હતો. આરોપીએ ભોગ બનનાર તરૂણી સાથે રાખી જુદી જુદી જગ્યાએ લઈ જઈ શરીર સંબંધ બાંધી સાથે રાખી ગંભીર



એડવોકેટ : વિકાસ વડેરા

પ્રકારનો ગુનો આચરેલ હોય આ અંગે જે તે સમયે ભોગ બનનાર તરૂણીના દાદાએ ચલાલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.

'સહકાર ભવન', જુના બસ સ્ટેન્ડ પાસે, સ્ટેશન રોડ મું. તા. સાવરકુંડલા, જિ.અમરેલી
ફોન નં. (૦૨૮૪૫) ૨૪૨૫૯૩, ૨૪૨૯૯૪

## સંસ્થાની બિલ્ડીગ વેચાણથી આપવાની છે

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ની માલીકીની ડીસ્ટ્રીકટ અમરેલીના મોજે, સાવરકુંડલાના ભરવાડ શેરીના વોર્ડ નં.૨ સીટી સ.નં.૫૫૬૬થી ૫૫૭૦ ના પ્લોટ પૈ. ૬૧૨.૯૬ ચો.મી. જમીનમાં આવેલ બાંધકામ, સાથેની મોટા ગોડાઉન, ઓફિસો, દુકાનો સાથે બે માળનું બિલ્ડીંગ, પાછળ ખૂલ્લા પ્લોટવાળુ 'સહકાર ભવન' જૂના બસસ્ટેન્ડ, સાવરકુંડલા સ્થિત મિલ્કત વેચાણથી આપવાની છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત સરનામેથી રૂ.૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી ટેન્ડર ફોર્મ તા.૧૪/૮/૨૦૨૪ સુધીમાં લઈજવા તથા ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૨/૮/૨૦૨૪ સુધીમાં સીલ બંધ કવરમાં રજી. પોસ્ટ એ.ડી. થી મોકલી આપવાના રહેશે. આવેલ બધી જ ઓફરો તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ઓફર કરનારે બીન ચુક હાજર રહેવુ.

**આ મિલ્કત ચાલુ દિવસ દરમ્યાન સવારના ૯:૦૦થી સાંજના ૫:૦૦ સુધીમાં જોવા મળશે.**

નોંધ :- કોઈપણ અથવા આવેલ બધી ઓફરો રદ કરવાની સત્તા સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ને અબાધિત રહેશે.

લી.
બોર્ડ ઓફ ડાયરેકટર્સની સૂચનાથી
રાજેશ એમ. માલાણી
મેનેજર
સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

## સામાન્ય બાબતે ૧૫ થી ૪૫ વર્ષનાં વ્યકિતઓ કરે છે આત્મહત્યા

# અમરેલી જિલ્લામાં યુવાનોમાં વધતી આત્મહત્યા ચિંતાજનક બની

**સાવરકુંડલાનાં નાના ભમોદ્રા ગામનાં યુવકે પિતાએ કપાસમાં દવા છાંટવાનું કહેતા ઝેર પી લીધુ**

**લાઠીનાં શાખપુર ગામનાં તરૂણે પિતાએ બાઈક લઈ આપવાની ના પાડતા ગળાફાંસો ખાધો**

**જિલ્લામાં દર મહિને આત્મહત્યાનાં ૨૫ થી વધારે બનાવો બની રહ્યા છે**

**આર્થિક સંકડામણ, બીમારી, ગૃહકંકાસ સહિતની સમસ્યાને લઈને આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા મહિનાઓથી સામાન્ય બાબતને લઈને યુવાનો અને પ્રૌઢ વ્યકિતઓ અમૂલ્ય જીંદગી અકાળે અસ્ત કરી રહ્યા છે. યુવાનોમાં ધીરજ અને સહનશીલતાનો અભાવ જોવા મળી રહ્યો છે.

સાવરકુંડલાનાં નાના ભમોદ્રા ગામનાં ૧૭ વર્ષિય તરૂણે તેમના પિતાએ કપાસમાં દવા છાંટવાનું કહેતા તરૂણને લાગી આવતાં તેઓએ કપાસમાં છાંટવાની દવા પી લેતા તેમનું મરણ થયેલ છે. તો લાઠીનાં શાખપુર ગામનાં ૧૮ વર્ષિય યુવકને તેમનાં પિતાએ બાઈક લેવાની ના પાડતાં મકાનનાં છતનાં ભાગે આવેલ પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો છે.

અમરેલી જિલ્લામાં દર મહિને પોલીસ દફતરે ૨૫ કરતાં વધારે બનાવો આત્મહત્યાનાં બનાવો બની રહ્યા છે. જેમાં માનસિક બીમારી, આર્થિક સંકડામણ કે ગૃહકંકાસનાં કારણે અમૂલ્ય જીંદગી ગુમાવી રહ્યા હોય મનોવૈજ્ઞાનિક ધ્વારા આ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે સમયની માંગ છે.

---

### જુના યાદગાર ગીતોએ જમાવટ કરી

## અમરેલી ખાતે સ્વ. મહંમદ રફીની ૪૪મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી અપાઈ

**મોટી સંખ્યામાં સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા**

અમરેલી.તા,૬

ગત ૩૧ જુલાઈના રોજ શુર સમ્રાટ સ્વ.મહમંદ રફીની ૪૪ મી પૂણ્યતિથીનું હોટલ સિટી પેલેસ ખાતે ભવ્ય ઉજવણી કરાઈ.

જેમાં પ્રોગ્રામની શરૂઆતમં દિપ પ્રાગટય કરી શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા જેમાં અમીનભાઈ હાણા, અપ્રજભાઈ ગોરી તથા રિયામભાઈ વેરસીયા (શેર એન્ડ કેર) વિગેરેએ હાજરી આપી.

પ્રોગ્રામ દરમ્યાન સ્વ. મહમંદ રફીનાં ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં સંગીતપ્રેમી શહેરીજનોએ હાજરી આપી કાર્યક્રમને માણેલ.



કાર્યક્રમ દરમ્યાન સ્વ. મહમંદ રફીની પૂણ્યતિથી નિમીતે શેર એન્ડ કેરની સેવાકીય પ્રવૃતિ ચલાવનાર રીયામભાઈ વેરસીયાને સેવાકીય પ્રવૃતિને વેગ મળે એટલે ઝુપડપટીનાં બાળકો માટે ભેટ અપાઈ તથા તેનું સન્માન કરાયું. કાર્યક્રમનું સફળ સંચાલન ચલાલા થી પધારેલ ઉમેશભાઈ ચાવડાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન એઝાઝ નગરીયા (વોઈસ ઓફ રફી મેધદુત ફુલહાર) જીતુભાઈ મહેતા, શબ્બીરભાઈ બકાણી તથા સુરેશભાઈ કુંડણીયાએ કરેલ.

---

### ગીર ફાઉન્ડેશન અને નિસર્ગ ઈકો કલબનાં ઉપક્રમે

## બાબરા : ગળકોટડી પ્રાથમિક શાળા ખાતે ‘ઈકો ફ્રેન્ડલી એકિટવિટી’ સેમિનાર યોજાયો

**કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી**

બાબરા, તા. ૬

ગળકોટડી પ્રાથમિક શાળા ખાતે ગીર ફાઉન્ડેશન – ગાંધીનગર તથા નિસર્ગ ઈકો કલબના સંયુકત ઉપક્રમે ‘ ઈકો ફ્રેન્ડલી એકિટવિટી’ સેમિનાર યોજાયો

આજરોજ બાબરા તાલુકાનાં ગળકોટડી પ્રા.શાળા ખાતે પર્યાવરણ તથા જૈવ સંરક્ષણ થીમ સાથે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગીર ફાઉન્ડેશનગાંધીનગર દ્વારા પર્યાવરણ સંરક્ષણ તથા સંવર્ધનને લગતી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવતું હોય છે, ત્યારે ગીર ફાઉન્ડેશન વતી અશોકભાઈ પાંભર દ્વારા આ સેમિનારનું સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું, શાળાના વિદ્યાર્થીઓ નાની વયથી જ પર્યાવરણીય સમસ્યાઓને ઓળખી તેના ઉકેલ માટે કટીબદ્ધ બને અને પર્યાવરણના સંરક્ષણની નૈતિક જવાબદારીને સંભાળતા થાય એવા ઉમદા હેતુ સાથે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિષયે અશોકભાઈ પાંભર દ્વારા પર્યાવરણ સંરક્ષણ તથા જૈવ સંરક્ષણ બાબત ખુબ જ તલસ્પર્શી માહિતીઓ આપવામાં આવી હતી. બાળકોએ પશ્નોતરી દ્વારા ખુબ જ મહત્વની માહિતીઓ પ્રાપ્ત કરી હતી. શાળા આચાર્ય તથા નિસર્ગ ઈકો કલબ ઈન ચાર્જ દીપકભાઈ દવે દ્વારા જૈવ સંરક્ષણ તથા શાળામાં ચાલતી ઈકો એકટીવિટી વિષે માહિતીઓ આપી હતી. આ નિમિત્તે ફોરેસ્ટ વિભાગ બાબરા વતી રજનીસિંહ રાજપૂત તથા અલ્તાફભાઈ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પર્યાવરણીય પ્રવૃતિઓ માટે પ્રોત્સાહિત કર્યા હતા. ગીર ફાઉન્ડેશન દ્વારા સામેલ તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અંતમાં તમામ માટે ચા નાસ્તાને ન્યાય આપી સમાપન કરવામાં આવ્યું હતું.





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારના તમામ શિક્ષક ભાઈઓ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

---

### જન્માષ્ટમી વેકેશનના કારણે

## એથ્લેટિકસ અને વોલીબોલ રમતની સ્પર્ધામાં તારીખમાં ફેરફાર

અમરેલી, તા. ૬

અખિલ ભારતીય શાળાકીય અં–૧૪, ૧૭ અને ૧૯ ભાઈઓ બહેનોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત અમરેલી ખાતે વિવિધ રમતોનુંઆયોજન કરવામાં આવ્યું છે, જેમાં જન્માષ્ટમી વેકેશનના કારણે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

ફેરફાર થયેલ તારીખ મુજબ એથ્લેટિકસ, ભાઈઓ માટે તા. ૧૨/૮/૨૦૨૪ના રોજ અને એથ્લેટિકસ, બહેનો માટે તા.૧૩.૮.૨૦૨૪ના રોજ વિધાનસભા સ્કુલ લાઠી રોડ, અમરેલી ખાતે આ સ્પર્ધા યોજાશે. આ માટે વધુ જાણકારી માટે પી.ડી. મીયાણીના મો.૯૪૨૬૨૫૫૨૦૭ ઉપર સંપર્ક કરવો.

વોલીબોલ–ભાઈઓ માટે તા. ૨૦/૪/૨૦૨૪ના રોજ અને વોલીબોલ, બહેનો માટે તા. ૩.૪. ૨૦૨૪ના રોજ ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ બગસરા ખાતે યોજાશે. તેના સંદર્ભે વધુ જાણકારી માટે એમ.જે. ડોડીયાનો ૯૪૨૭૭૪૪૦૮૯ પર સંપર્ક કરવો. આ ફેરફારની જિલ્લાની તમામ શાળાઓ તેમજ ખેલાડીઓએ નોંધ લેવા માટે જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

---

### વિઠ્ઠલપુર ખંભાળીયાનાં જાગૃત્ત નાગરિક ધર્મેશકુમાર કાનપરીયાની રજૂઆત

## અમરેલીના વિધાસભા શૈક્ષણિક જ્ઞાનશકિત રેસિડેન્સિયલ સ્કૂલ ઓફ એકસેલેન્સમાં નિયમોનો ઉલાળીયો

**ઉચ્ચ કક્ષાએથી તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૬

અમરેલીશહેર મધ્યેઆવેલ જ્ઞાનશકિત રેસિડેન્સિયલ સ્કૂલ ઓફ એકસેલેન્સ–મેનેજીંગ વિદ્યાસભામાં પ્રોજેકટ અંતર્ગતનિતીનિયમોનું પાલન થતુનથી તથા વિદ્યાર્થીએનસ્ટાફનેયોગ્ય સુવિધાઓ મળવાપાત્ર હોવાછતા હાલ મળી રહી નથી. નિયમ પ્રમાણે સ્ટાફને પૂરતુ મહેતાણુ અને વિદ્યાર્થીઓને પુરતી સગવડ મળી રહી નથી. જેનાથી વિદ્યાર્થીઓનેગેરમાર્ગેદોરીઅનેપ્રોજેકટ વિશે પુરતી માહિતીથી અજાણ રાખીને વિદ્યાર્થી અને વાલીનું શોષણ કરવામાં આવેછે. સાથે સાથે સરકાર તરફથી મળતીસહાયનીઉચ્ચાપતકરવામાંઆવેછે. વધુમાં જણાવવાનું કે સરકાર ગરેમાર્ગે દોરી ડિસ્ટ્રીક લેવલ સ્પોર્ટ સ્કૂલના(ડીએલએસએસ) ગ્રાઉન્ડને જ્ઞાનશકિતમાં દર્શાવેલ છે. તેમજ શાંતાબેન હરિભાઈ ગજેરા એન્જિનિયરીંગ કોલેજને સ્કૂલ દર્શાવેલ છે. હાલત્યાંકોલેજ પણશરૂ છે. તેનીસાથે બાળકોને સેપ્રેટ હોસ્ટેલની જગ્યાએ સ્કૂલનીજ હોસ્ટેલમાંરહેવાનીફરજપાડે છે. તેની સાથે વિદ્યાર્થીનીઓને મણીબા નર્સિંગકોલેજમાંરહેવાફરજપાડેલહતી. (વર્ષ૨૦૨૩–૨૪સત્ર–૨ધોરણ ૬)તેની સાથે મેનુંમાં બતાવેલ યોગ્યસમયે યોગ્ય મેનુ આપવામાં આવતુ નથી.

વધુમાં જણાવવાનુ કે, જ્ઞાનશકિતના બાળકોને જમવામાં પણ પુરતી વસ્તુઓ હોતી નથી. જેમ કે મગનુ શાક, દહી, દુધ કે કોઈ મિષ્ટાન વગેરે. આ બાળકોને જમવા બોલાવે ત્યારે ઉપર દર્શાવેલ વસ્તુઓ પરુ થઈ ગઈ હોય છે. તેથીઆપનેમોકલેલ મેનુનાં ફોટોગ્રાફ જે હકીકતમાં ડિસ્ટ્રીક લેવલ સ્પોર્ટ સ્કૂલના (ડીએલએસએસ)ના મેનુ હોય છે. તથા બાળકોનેસવારમાંદુધ આપવાનુંહોયછે તેમાંથીએકદિવસપણઆપવામાંઆવતુ નથી. (વિકમાંએકાદદિવસજઅપાયછે.) જયારે ચા–સ્નેક આપવાની હો ત્યારે તેઓને કશુ આપવામાં આવતુ નથી.

જ્ઞાનશકિતના બોળકોને ડિસ્ટ્રીકસ્પોર્ટસ્કૂલ(ડીએલએસએસ)ના ગ્રાઉન્ડમાંરમવાફરજપાડવામાંઆવેછે. આનીસાથેસાથેસ્ટાફખરેખર તેમનીઈન સ્કૂલમાં ફરજ બજાવતા હોય પરંતુ તેનુ નામ ‘જ્ઞાનશકિતતમાં’ ચઢાવીનેસરકાર દ્વારા આપયેલા ગ્રાન્ટની ઉચ્ચાપત કરવામાં આવે છે. એટલે કે સરકાર સાથે છેતરપીંડી કરવામાં આવેછે.

શિક્ષકોને લાલચ આપીને બાંધવામાં આવે છે કે, તેમ ૨ વર્ષ આમા આવીનેઅમારાનિયમ પ્રમાણે કાર્ય અને સેવા આપશો તો તમને લોકોને કાયમી કરવામાં આવશે. તેથી શિક્ષકોને તેમના નિયમો પર ચાલવા ફરજ પાડે છે. સાથે સાથે શિક્ષકો પાસેથી કોરા બેંકચેક સહી કરાવીને લેવામાં આવે છે. તેમ છતા શિક્ષકોના ખાતામાં પૈસા જમા કરાવીને રોકડ સ્વરૂપે પણ પરત લેવામાં આવેછે.

વિદ્યાર્થીઓને માંદગીમાં યોગ્ય સારવાર પણ આપવામાં આવતી નથી. જેનું યોગ્ય ઉદાહરણ પણ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં એક વિદ્યાર્થીને ત્યાંથી જીવજંતુ (પડકુ) કરડી ગયુ હતુ. તો વિદ્યાર્થીને તેના વાલીને સોપી દેવામાં આવેલ અને તેમાં સંસ્થાની કોઈ જવાબદારી નથી તેવુ પણ કહેવામાં આવેલ. તે વિદ્યાર્થીના વાલીએ આ ‘ જ્ઞાનશકિત’ના ઈન્ચાર્જને પણ તેની વાત કરેલ કેઆનીબધીસારવાર સંસ્થાતરફથી થાય પરંતુસંસ્થાએ પોતાની જવાબદારી ન્િભાવી નથી. ત્યાં હાલ પણ આવાજીવજંતુઓજયા ત્યાંજોવામળેછે.

સરકાના આર.ટી.ઈ. એકટ મુજબ મફત અને ફરજિયાત શિક્ષણની સુવિધારો આપવાંઆવે છે. તેના જ એક ભાગસ્વરૂપે સરકાર ચલાવી રહીછે. તે ‘ જ્ઞાનશકિત’માં બાળકો પાસેથી દંડના સ્વરૂપમાં ફીની ઉઘરાણી કરવામાં આવે છે અને તે ઉઘરાણીને આવી સંસ્થાઓ પચાવી પાડ છે. જેથી ઈસરકારને કોઈ જાણ નથી.

આ બધી બાબતોની તપાસ નિષ્પક્ષ રીતે કરી જેનાથી સરકારની જે આગવી પહેલછે. તેને કોઈ નુકસાન વગર આગળ વધારી શકાય. ત્યાંથી એવુ જાણવા મળે છે કે ઈન્પેકશનમાં પેકેટ સીસ્ટમથી તપાસ થઈ હોય તેવુ ઉપરની ઘટના પરથી જણાય છે.

વર્ષ ૨૦૨૩–૨૪માં હાજર થયેલ વિદ્યાર્થીઓને હાલ સુધી સ્કૂલ યુનિફોર્મ, સ્પોટર્સ યુનિફોર્મ મળેલ નથી અને જે ઈન સ્કૂલનો હોસ્ટેલ યુનિફોર્મ છે જે હમણા જ સ્કૂલ યુનિફોર્મ તરીકે આપવામાં આવેલછે. તેમા પણ પોતાની સંસ્થાનો લોગો મુકવામાં આવેલછે. તેમા એક પણ જગ્યાએ જ્ઞાનશકિતનું નામ પણ સામેલ નથી એટલે કે જ્ઞાનશકિતનો લોગો ડ્રેસ ઉપર રાખવામાં આવેલ નથી. જે વિદ્યાર્થીઓને સ્ટેનરીની સુવિધાઓમાં બુક, નોટસ, પેન વગેરે અને સાથે સ્કૂલ યુનિફોર્મમાં સુઝ, મોઝા વગેરે પણ હાલ સુધી આપવામાં આવેલ નથી. વિદ્યાર્થીઓને આપી તેની સહી લઈ અને પરત લઈ લેવામાં આવેલ છે. ઉપરોકત મુદા ધ્યાને લઈ યોગ્ય તપાસ કરવા અંતમાં માંગ કરેલ છે.

---

### હયાત જગ્યાએ નવુ મકાન બનાવવાનું હોવાથી

## બાબરાની મામલતદાર કચેરીનું આઈ.ટી.આઈ. કચેરીમાં સ્થળાંતર

**અરજદારોને સંપર્ક કરવા જણાવાયું**

બાબરા,તા.૬

બાબરામાં મામલતદાર કચેરી હયાત જગ્યાએ નવી બનવાની હોવાથી હાલ કચેરીનું અમુક વર્ષ સુધી હંગામી સ્થળાંતર કરવામાં આવેલ છે દરેડ રોડ પર આવેલ આઈ ટી આઈ કચેરીના પ્રથમ માળ પર મામલતદાર કચેરીની તમામ શાખા તેમજ જન સેવાકેન્દ્રનું તા.૫/૮/૨૦૨૪ને સોમવાર થી સ્થળાંતર કરવામાં આવેલ છે તાલુકાના અરજદારો કચેરીના કામકાજ માટે ઉપરોકત સરનામે સંપર્ક કરવા મામલતદાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

---

## અમરેલી : ૧૭ ઓગષ્ટનાં રોજ જિલ્લા સંકલનની બેઠક યોજાશે

અમરેલી, તા. ૬

અમરેલી કલેકટર કચેરી, અમરેલીખાતેઆગામીતા.૧૭ઓગષ્ટ, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકયોજાશે

---

### રોજગારી આપીને બદલામાં નુકસાન થયું

## લાઠીનાં રામપર ગામનાં ખેડૂતનાં મીની ટ્રેકટરની શ્રમિકે જ કરી ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૬

લાઠીતાલુકાનારામપર ગામે રહેતાખોડાભાઈ પોપટભાઈબોદરનામનાં ૭૫ વર્ષિય વૃધ્ધ ખેડુતની ભાગવી વાવવા રાખેલવાડીનામજુર આરોપીરોહીતભાઈ અંધારભાઈ નાયકગતતા. ૪નારોજસાંજે ૬ થીતા. ૫ના સવારે ૭દરમ્યાન કોઈપણ સમયે વૃધ્ધ ખેડૂતની માલીકીનું સ્ટીલટ્રેક કંપનીનું વાદળી કલરનું મીની ટ્રેકટર નં. જી.જે.–૧૪ બીએ–૪૨૫૫ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ નું ચોરી કરી લઈ ગયાની પોલીસમાંફરિયાદ નોંધાઈ છે.

---

### ખેડૂતો અને યાર્ડના સત્તાધિશોમાં ખુશીનો માહોલ

## સાવરકુંડલાનાં માર્કેટયાર્ડથી બાયપાસ સુધીનો માર્ગ બનાવવાનો ધમધમાટ

**યાર્ડના ચેરમેન દીપક માલાણીએ કામનું નિરીક્ષણ કર્યુ**





સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાનાં માર્કેટ યાર્ડ થી બાયપાસ સુધીનો ર્મા બનાવવા ખેડુતો અને યાર્ડનાં સતાધિશોની માંગ પુર્ણ થતાં લાખો રૂપિયાના ખર્ચે માર્ગ બનાવવાનુ શરૂ થતા સૌ કોઈમાં ખુશીનો માહોલ છવાયો છે.

આજે માર્કેટ યાર્ડનાં ચેરમેન દીપક માલાણી, જોઈન્ટ સેક્રેટરી મુકેશભાઈ ચોવટીયા, મુકેશભાઈ ત્રિવેદી વનરાજભાઈ ખુમાણે માર્ગના કાર્યનું નિરીક્ષણ કર્યુ હતુ.

---

### બંધ સ્ટ્રીટલાઈટ સહિતની સમસ્યા વચ્ચે

## જાફરાબાદમાં રખડતા પશુઓનાં લીધે શહેરીજનોમાં ફફડાટનો માહોલ

**પાલિકાનાં શાસકો દરેક સમસ્યાનું કરે નિરાકરણ**

અમરેલી, તા. ૬

જાફરાબાદ શહેરમાં બિસ્માર માર્ગો, બંધ સ્ટ્રીટલાઈટની સમસ્યાઓ સહન કરતાં શહેરીજનોમાં હવે રખડતા પશુઓને લઈને ફફડાટનો માહોલ છવાયો છે.

જાહેર માર્ગો પર ખડતા પશુઓનાં ટોળા ફરતાં હોય બાળકો, વૃધ્ધો, મહિલાઓ અને વાહનચાલકો



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અવારનવાર અકસ્માતનો ભોગ બની રહ્યા હોય પાલિકાનાં શાસકો શહેરીજનોને પડતી મુશ્કેલી દૂર કરે તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર ૧૨ દિવસથી કોઈ સમાધાનનો માર્ગ શોધી શકતા નથી

# અમરેલી પાલિકાનાં શાસકો સફાઈ કામદારોની હડતાલનાં ચક્રવ્યુહમાં ફસાયા

ઉચ્ચ અધિકારીઓ કે પદાધિકારીઓ પણ મગનું નામ મરી પાડતાં ન હોય શહેરમાં ગંદકીનો માહોલ છવાયો

બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર માર્ગો પર આડેધડ દબાણ, રખડતા પશુઓ બાદ ગંદકીની સમસ્યા વિકરાળ બની

દોઢ લાખ શહેરીજનોમાં શાસકોની નિષ્ક્રીયતા સામે રોષ વધી રહ્યો છે

શહેરીજનો વિવિધ કરવેરા ભરે છતાં પણ શાસકોની નિષ્ફળતાથી પ્રાથમિક સુવિધાથી વંચિત







અમરેલી, તા. ૬

અમરેલીનાં લોઢ લાખ જેટલા શહેરીજનો બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, જાહેર માર્ગો પર આડેધડ થયેલ દબાણથી ચિંતિત હોય તેવા સમયે છેલ્લા ૧૨ દિવસથી સફાઈ કામદારોએ હડતાલ શરૂ કરતાં શહેરમાં ગંદકીનું પ્રમાણ વધતાં શહેરીજનોનાં આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો હોય ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ વાતાનુકુલિન કાર, બંગલા અને કચેરીમાં બેઠા–બેઠા જનકલ્યાણની ચર્ચા ચા–બિસ્કીટ અને મિનરલ વોટર સાથે કરી રહ્યા છે.

શહેરીજનો પાલિકાથી લઈને કેન્દ્ર સરકારની તિજોરીમાં દર વર્ષે કરોડો રૂપિયાનો કરવેરો એટલા માટે ભરે છે કે જનતાને સારા માર્ગો, શુધ્ધ અને નિયમિત પાણી, સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ, મુકત મને હરી–ફરી શકે તેવા ખુલ્લા માર્ગોની સુવિધા મળે.

પરંતુ શહેરીજનોને કરવેરાનાં બદલામાં સુવિધા આપવામાં પાલિકાથી લઈને પાર્લામેન્ટનાં શાસકો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. શહેરમાં છેલ્લા ૧૨ દિવસથી સફાઈ કામદારો કોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈ કાર્ય બંધ કરવાની માંગ સાથે હડતાલ પર ઉતર્યા હોય પાલિકાનાં પ્રમુખ અને ચીફ ઓફિસર આમથી તેમ ભટકી રહ્યા છે કોઈ ઉચ્ચ અધિકારી કે પદાધિકારી હડતાલનો ઉકેલ લાવવામાં મદદરૂપ બનતા ન હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ દરમિયાનગીરી કરે તો હડતાલ લાંબો સમય ચાલે જ નહી.

### વગર ડીગ્રીએ દવાખાનું શરૂ કર્યુ હોય

## જાફરાબાદનાં ટીંબી ખાતેથી મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયા

### આરોગ્ય અધિકારીએ કાર્યવાહી કરી

અમરેલી, તા. ૬

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતા અનિભાઈ મનુભાઈ બાંભણીયા નામનાં ૨૮ વર્ષિય આરોપી પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી ના હોય અને ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી અને તે અંગેના પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૨૦ કિંમત રૂા. ૧૦,૬૦૫.૪૮ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરતા પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય. તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા તા. ૫ ના બપોરના ૩ વાગ્યે બાબરકોટ ગામેથી મેડીકલ ઓફીસર પીએચસી નાગેશ્રીના ડો. ભગીરથભાઈ સાવજભાઈ વાઘે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જગતાત ગણાતા ખેડુતોની પરેશાની વધી

## જાફરાબાદ પંથકમાં અતિવૃષ્ટિનાં લીધે ખેતીપાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન

### કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂએ કૃષિમંત્રીને પત્ર પાઠવ્યો



જાફરાબાદ,તા.૬

વર્તમાન ચોમાસામાં વરસાદી વાતાવરણને લીધે જાફરાબાદ તાલુકાના વિસ્તારમાં અતિવૃષ્ટિ જેવા માહોલના કારણે જાફરાબાદ તાલુકાના ભાડા વડલી ચિત્રાધર ધારાબંદર બલાણા કેરાળા વઢેરા ધેસપુર નાના મોટા સાકરીયા કડીયાળી નાગેશ્રી મીઠાપુર કાગવદર ભટવદર સહિતનાં અમુક વિસ્તારમાં તમામ ખેડુતોને મગફળી કપાસ ડાંગર જુવાર તલ જેવા પાકોમાં ભારે નુકસાન છે અને આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખેતરમાં પાણી ભરેલું હોય અને વરસાદ બંધ ન થતા વિસ્તારના ખેડુતોને પાક બળવા અને સડવા લાગ્યા છે જેના કારણે ખેડુતો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને હવે ખેડુતોના ખેતરમાં કંઈ પાકે તેમ ન હોય ને ખેડુતોએ મોંઘા મોંઘા ખાતર બિયારણ નાખેલ છે અને તેનું નુકશાન ખેડુતપુત્રો ને ન પરવડે માટે જાફરાબાદ તાલુકાના ગામડામાં સરકારે તાકીદે ખેતરોમાં પાકનું સર્વે કરી અને આ વિસ્તારના ખેડુતોને સહાય ચુકવવા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ રજુઆત કરી છે.

## અમરેલીનાં પશુ દવાખાનાની નાયબ દંડક વેકરીયાએ મુલાકાત લીધી



અમરેલી,તા.૬

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના પશુ દવાખાનાની મુલાકાત કરી હતી. આ સાથે તેમણે સ્થાનિક પશુપાલન સંબંધિત કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે પશુ દવાખાનાની વિવિધ તાંત્રિક કામગીરી, ગુજરાત સરકારના પશુપાલન વિભાગની વિવિધ યોજનાકીય કામગીરી, અમરેલી તાલુકામાં આવેલ પશુ દવાખાનાના મકાન સહિતની વિગતો મેળવી કામગીરીની સમીક્ષા કરી હતી.

ઉપરાંત પશુ દવાખાના બનાવવાની જરૂરીયાત હોય તેવા તમામ પશુ દવાખાનાના પ્લાન એસ્ટીમેન્ટ મેળવી આગળની કાર્યવાહી ઝડપથી હાથ કરવા પણ અને દવાખાનોને અધ્યતન બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવા પણ સુચના આપી હતી. આ સાથે ગુજરાત સરકારની તમામ યોજનાઓ છેવાડાના પશુપાલકો સુધી પહોંચે તેના માટે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નાયબ પશુપાલન નિયામક ડો.એસ.બી. કુનડીયાએ નાયબ દંડકને જરૂરી વિગતોથી અવગત કરાવ્યા હતા.

નાયબ મુખ્ય દંડકની આ મુલાકાત દરમ્યાન જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અગ્રણી પ્રવીણભાઈ માંગરોળીયા, ખીજડીયા (રાદડિયા)ના સરપંચ જાદવભાઈ ગળીયા, અગ્રણી ચેતનભાઈ ધાનાણી ઉપસ્થિત રહ્યા હતા.

### ગામજનોએ આવેદનપત્ર પાઠવ્યું

## લ્યો બોલો : ડુંગરમાં મધ્યાહન ભોજન સંચાલકની નિમણૂંકમાં ગોલમાલ ?

### ગામનાં વ્યકિતની નિમણૂંક કરવા માંગ



રાજુલા, તા. ૬

રાજુલા તાલુકાના ડુંગર ગામના ગ્રામ્યજનો દ્વારા આજે ડેપ્યુટી કલેકટર તેમજ મામલતદારને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. જેમાં જણાવ્યા મુજબ ડુંગર ગામમાં મધ્યાન ભોજન યોજનામાં સંચાલકની જગ્યાની ભરતી હોય ત્યારે ડુંગર ગામમાંથી અનેક અરજીઓ સંચાલક માટે કરેલી હતી. પરંતુ આ અરજીઓ માન્ય ન કરતા રાજુલાના હિંડોરણા ગામના સંચાલકને ડુંગર ગામે નિમણુંક આપવામાં આવી. ત્યારે આ ગ્રામ્યજનો દ્વારા ખુલ્લો આક્ષેપ કરવામાં આવ્યો કે આમાં કંઈક રંધાયું હોય તેવી શંકા છે. ત્યારે ડુંગર ગામના લોકોની માંગણી હોવા છતાં અને ભણેલા ગણેલા લોકો હોવા છતાં ડુંગર ગામના લોકોને શા માટે નિમણૂંક આપવામાં આવી નથી. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું કે, જો ૧૦ દિવસમાં આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય ઘટતું કરવામાં નહીં આવે અને અમને ન્યાય નહીં મળે અને જૂનો ઓર્ડર રદ કરવામાં નહીં આવે તો ના છૂટકે ઉપવાસ આંદોલન કરવાની ફરજો પડશે તેવું આ આવેદનમાં જણાવેલ.


શ્રાવણ માસ નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



















### આજે પેટ્રાપોલ ક્રોસિંગનું નિરીક્ષણ કરશે

# DG BSF સતત બીજા દિવસે ભારત-બાંગ્લાદેશ સરહદની મુલાકાતે

## ભારત-બાંગ્લાદેશ સરહદો પર કડકાઈ વધારી દેવામાં આવી છે, નવી દિલ્હીમાં પણ હંગામો છે

નવી દિલ્હી, તા.૬

પ્રદર્શન, હિંસા, પીએમ શેખ હસીનાનું રાજીનામું અને ભારતની ફ્લાઈટ. છેલ્લા 24 કલાકમાં બાંગ્લાદેશમાં બનેલી તમામ ઘટનાઓ બાદ ભારતમાં પણ એલર્ટ છે. ભારત-બાંગ્લાદેશ સરહદો પર કડકાઈ વધારી દેવામાં આવી છે. નવી દિલ્હીમાં પણ હંગામો છે. બીજી તરફ બાંગ્લાદેશમાં ગતિવિધિઓને જોતા ભારત-બાંગ્લાદેશ સરહદો પર પણ એલર્ટ છે. ડીજી BSF દલજીત ચૌધરીએ મંગળવારે સતત બીજા દિવસે સરહદની મુલાકાત લીધી છે. તેઓ સવારે 11 વાગ્યે પેટ્રાપોલ ક્રોસિંગની મુલાકાત લેશે. તે બંગાળના 24 પરગણામાં છે. આ દરમિયાન તે 24 પરગણાના અન્ય સંવેદનશીલ સરહદી વિસ્તારોનું પણ નિરીક્ષણ કરી શકે છે. બોર્ડર પર સૈનિકોને 24×7 એલર્ટ પર રહેવા સૂચના આપવામાં આવી છે. ડીજી બીએસએફ પહેલાથી જ તરતા બીઓપીની મુલાકાત લઈને સુંદરબન વિસ્તારની મુલાકાત લઈ ચૂક્યા છે.હવે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાનું આગળનું પગલું શું હશે તેના પર સૌની નજર છે. સોમવારે શેખ હસીનાએ પીએમ પદ પરથી રાજીનામું આપીને ભારત ઉડાન ભરી હતી. તે ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર પહોંચી હતી, જ્યાં તે લગભગ 14 કલાકથી સેફ હાઉસમાં હતી.શેખ હસીના બાંગ્લાદેશ છોડીને ગાઝિયાબાદ પહોંચી હતી. અહીં તેમને સેફ હાઉસમાં રાખવામાં આવ્યા છે. હિંડન એરબેઝની સુરક્ષા વ્યવસ્થા પણ વધારી દેવામાં આવી હતી. બીજી તરફ સેનાનું વિમાન C130 J જેના દ્વારા શેખ હસીના ભારત પહોંચી હતી તેને હવે ગાઝિયાબાદથી ખસેડવામાં આવ્યું છે. એરક્રાફ્ટને હવે પશ્ચિમ બંગાળના પનાગઢ ખાતે ખસેડવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, વધુ અપડેટ મળ્યા બાદ જ તેને ગાઝિયાબાદ પરત લાવવામાં આવશે.તે જ સમયે, પીએમઓ બાંગ્લાદેશમાં દરેક વિકાસ પર નજર રાખી રહ્યું છે. ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો ચાલી રહી છે. પીએમ મોદી અને વિદેશ મંત્રી એસ જયશંકર પણ મળ્યા છે. એવા સમાચાર છે કે શેખ હસીના ભારતથી બ્રિટન જઈ શકે છે. પરંતુ હજુ સુધી તેને મંજૂરી મળી નથી. સતત વાતો ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, મંજુરી મળતા જ શેખ હસીના ભારત છોડી શકે છે.રાજીનામું આપ્યા બાદ બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સોમવારે સાંજે 5.36 કલાકે દિલ્હી પહોંચ્યા હતા. થોડા કલાકો પછી, બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને જાન્યુઆરી 2024 માં ચૂંટણી પછી રચાયેલી સંસદને ભંગ કરવાની જાહેરાત કરી હતી. અહીં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશ સંકટ પર સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક યોજી હતી, જ્યારે શેખ હસીના ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર સલામત ગૃહમાં છે.

### ટ્રાયલ દરમિયાન એક ગેગ ઓર્ડર લાદવામાં આવ્યો હતો

# યુએસ : સુપ્રીમ કોર્ટે હશ મની કેસમાં ટ્રમ્પની સજા પર રોક લગાવવાનો ઇનકાર કર્યો

## આદેશમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયાધીશો ક્લેરેન્સ થોમસ અને સેમ્યુઅલ એલિટોએ રિપબ્લિકન એન્ડ્રુ બેઈલીને મુકદ્દમો દાખલ કરવાની સ્વતંત્રતા આપી હશે

નવી દિલ્હી, તા.૬

ડોનાલ્ડ ટ્રમ્પ પર તેમના ટ્રાયલ દરમિયાન એક ગેગ ઓર્ડર લાદવામાં આવ્યો હતો, જે હેઠળ પ્રોસિક્યુટર્સે તેમના કેસોમાં સામેલ લોકો પર હુમલો કરવાની ટ્રમ્પની આદત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. યુએસ સુપ્રીમ કોર્ટે હશ મની કેસમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામેના ગેગ ઓર્ડરને હટાવવા અને ન્યૂયોર્કમાં તેમની સજામાં વિલંબ કરવાની અરજી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. મિઝોરીના એટર્ની જનરલ હાઈકોર્ટ તરફ વળ્યા કારણ કે ન્યાયાધીશોએ ટ્રમ્પને વોશિંગ્ટનમાં દાખલ કરાયેલા અન્ય કેસમાં કાર્યવાહીમાંથી વધુ છૂટ આપી હતી.આદેશમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયાધીશો ક્લેરેન્સ થોમસ અને સેમ્યુઅલ એલિટોએ રિપબ્લિકન એન્ડ્રુ બેઈલીને મુકદમો દાખલ કરવાની સ્વતંત્રતા આપી હશે. જો કે, તેમણે આદેશને તાત્કાલિક ઉઠાવવા અને સજામાં વિલંબ કરવાના તેમના પ્રયાસોને નકારી કાઢ્યા.એન્ડ્રુ બેઈલીએ દલીલ કરી હતી કે ન્યુયોર્ક ગેગ ઓર્ડર અયોગ્ય રીતે દેશભરમાં પ્રચાર કરતી વખતે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો શું કહી શકે તેના પર પ્રતિબંધ મૂકે છે અને ટ્રમ્પની અંતિમ સજા તેમની મુસાફરી કરવાની ક્ષમતાને અસર કરી શકે છે. ''ન્યૂ યોર્કની ક્રિયાઓ બંધારણીય નુકસાન પહોંચાડે છે જે મિઝોરીના મતદારો અને મતદારોના અધિકારોનું ઉલ્લંઘન કરવાની ધમકી આપે છે,'' તેમણે કહ્યું.એન્ડ્રુ બેઈલીએ આરોપોને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા કારણ કે તેમણે આ મુદ્દાને બે રાજ્યો વચ્ચેના સંઘર્ષ તરીકે રજૂ કર્યો હતો.દરમિયાન, ન્યૂયોર્કે કહ્યું કે મર્યાદિત ગેગ ઓર્ડર ટ્રમ્પને મતદારો માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ વિશે વાત કરવાની સ્વતંત્રતા આપે છે અને સજા તેમની હિલચાલને જરાય અસર કરી શકે નહીં. ડેમોક્રેટિક ન્યુ યોર્કના એટર્ની જનરલ લેટીટીયા જેમ્સે દલીલ કરી હતી કે અપીલ રાજ્યની અદાલતો દ્વારા ચાલી રહી છે અને રાજ્ય-થી-રાજ્ય વચ્ચે કોઈ સંઘર્ષ નથી.ટ્રમ્પ પર તેમની ટ્રાયલ દરમિયાન ગેગ ઓર્ડર લાદવામાં આવ્યો હતો, જે હેઠળ પ્રોસિક્યુટર્સે તેમના કેસોમાં સામેલ લોકો પર હુમલો કરવાની ટ્રમ્પની ટેવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જો કે, તેને દોષિત ઠેરવ્યા પછી તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જેનાથી તેને સાક્ષીઓ અને ન્યાયાધીશો વિશે જાહેરમાં ટિપ્પણી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. તેઓને સજા સંભળાવવામાં આવે ત્યાં સુધી વ્યક્તિગત ન્યાયાધીશોની ઓળખ અથવા સરનામાં જાહેર કરવા અને કોર્ટ સ્ટાફ, પ્રોસિક્યુશન ટીમ અને તેમના પરિવારો વિશે ટિપ્પણી કરવાથી પ્રતિબંધિત છે.

### ગુજરાતમાં બદલીનો ધમધમાટ

# ફરી 10 IAS અધિકારીઓની બદલી કરવામાં આવી

## બી. જે. પટેલને ગાંધીનગરના DDO તરીકે નિમણૂંક

ગાંધીનગર, તા.૬

હાલમાં ગુજરાતમાં બદલીઓની મૌસમ ચાલી રહી છે. ગત અઠવાડિયે જ IAS અને IPS બેડામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૮ IAS અધિકારીઓની જવાબદારી બદલવામાં આવી હતી. આ સિવાય આઠ IPS અધિકારીઓની પણ બદલી કરવામાં કરવામાં આવી હતી. ત્યારે હવે બીજા રાઉન્ડમાં ૧૦ IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં કલેક્ટરોનો સમાવેશ થાય છે.

- બી. જે. પટેલને ગાંધીનગરના DDO તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- કે. ડી. લાખાણીને શ્રમ વિભાગના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- એસ. ડી. ધાનાણીને પોરબંદરના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- એક. કે. મોદીને નર્મદાના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- એન. એન. દવેને વલસાડના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- રતનકંવર ગઢવીચારણની બદલી સાબરકાંઠા કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- સુજીત કુમારને ભાવનગર મનપાના મ્યુનિ. કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- શ્વેતા તિઓટિયાને GUVNL™k ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- એન. વી. ઉપાધ્યાયને કો ઓપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- લલિત નારાયણ સિંહ સંધુને સમગ્ર શિક્ષા અભિયાનમાં પોસ્ટિંગ કરવામાં આવ્યું છે.

### ૧૨મી ઓગષ્ટના રોજ તિરંગા યાત્રાનું આયોજન

# વડોદરામાં ૧૫ ઓગસ્ટ પૂર્વે યોજાશે તિરંગા યાત્રા

## યાત્રામાં જોડાનાર વિવિધ સ્કૂલો અને સંગઠનોના પ્રતિનિધિ તેમજ અધિકારીઓની બેઠક મળી

વડોદરા, તા.૬

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૧૫ ઓગષ્ટ પૂર્વે વડોદરામાં ત્રણ દિવસ અગાઉ તા.૧૨મી ઓગષ્ટના રોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના આયોજન માટે કોર્પોરેશનની વડી કચેરી ખાતે યાત્રામાં જોડાનાર વિવિધ સ્કૂલો અને સંગઠનોના પ્રતિનિધિ તેમજ અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે બેઠક મળી હતી.

આ અંગે સ્થાયી સમિતિના અધ્યક્ષ ડોક્ટર શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વડોદરામાં તા.૧૫મી ઓગષ્ટ અગાઉ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીઓના ભાગરૂપે વડોદરા કોર્પોરેશનમાં અધિકારીઓ અને પોલીસ વિભાગ સાથેની બેઠક રાખવામાં આવી હતી.

બેઠકમાં પ્રાથમિક રીતે તિરંગા યાત્રાને વધુમાં વધુ લોકો સુધી લઈ જવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બાદમાં સરકાર તરફથી કાર્યક્રમ આપ્યા બાદ વધુ એક બેઠકનું આયોજન કરવામાં આવશે. વડોદરામાં આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તા.૧૫મી ઓગષ્ટ પહેલા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેને સફળતાપૂર્વક પાર પાડવા માટે આજે પ્રાથમિક બેઠક પાલિકાની કચેરીએ મળી હતી. જેમાં આયોજનના વિવિધ પાસાઓને લઈને ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં પાલિકામાંથી મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા, પોલીસ વિભાગ સહિત પાલિકાના વિવિધ વિભાગોમાં અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે-સાથે આ તિરંગા યાત્રામાં શાળાઓ ભાગ લેવાની છે તેમજ વિવિધ સંગઠનો સંસ્થાઓ ભાગ લેવાની છે તે તમામના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ આગામી તા.૧૨મી ઓગસ્ટના રોજ આ તિરંગા યાત્રા યોજવામાં આવશે. જેમાં વિવિધ ફ્લોટ્સ અને મ્યુઝિક સિસ્ટમ પણ આ યાત્રામાં રાખવામાં આવશે.

### ઘણા અમેરિકન સૈનિકો ઘાયલ

# ઈરાકમાં મિલિટરી બેઝ પર રોકેટ હુમલો કરાયો

## સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે સોમવારે પશ્ચિમ ઈરાકમાં સ્થિત બેઝ પર બે કાત્યુષા રોકેટ છોડવામાં આવ્યા હતા

ઈરાક, તા.૬

એજન્સીના જણાવ્યા અનુસાર, સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે સોમવારે પશ્ચિમ ઈરાકમાં સ્થિત બેઝ પર બે કાત્યુષા રોકેટ છોડવામાં આવ્યા હતા. એક સુરક્ષા સૂત્રએ જણાવ્યું કે રોકેટ બેઝની અંદર પડ્યા હતા. ઈરાકમાં એક સૈન્ય મથક પર હવાઈ હુમલાની માહિતી સામે આવી છે, જેમાં ઘણા અમેરિકન જવાનો ઘાયલ થયા છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર આ જાણકારી ત્રણ અમેરિકન અધિકારીઓએ આપી છે. ગયા અઠવાડિયે હમાસ અને હિઝબુલ્લાના વરિષ્ઠ સભ્યોની હત્યા બાદ મધ્ય પૂર્વમાં ચિંતા વધી છે. અધિકારીઓએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે શંકાસ્પદ રોકેટ હુમલો ઈરાકના અલ અસદ એરબેઝ પર થયો હતો.એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''બેઝ કર્મચારીઓ હુમલાથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે.''એજન્સીના જણાવ્યા અનુસાર, સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે, સોમવારે પશ્ચિમ ઈરાકમાં લશ્કરી એરબેઝ પર બે કાત્યુષા રોકેટ છોડવામાં આવ્યા હતા. એક સુરક્ષા સૂત્રએ જણાવ્યું કે રોકેટ બેઝની અંદર પડ્યા હતા.ગયા અઠવાડિયે, યુ.એસ.એ ઈરાકમાં એવા વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો જેઓ યુએસ અધિકારીઓએ કહ્યું હતું કે આતંકવાદીઓ હતા જેઓ ડ્રોન લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા અને જેઓ યુએસ અને ગઠબંધન દળો માટે ખતરો હતા.બે દિવસ પહેલા તેહરાનમાં હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યાનો જવાબ આપવાનું ઈરાન પોતાનું વચન પૂરું કરે છે કે કેમ તેના પર અમેરિકા નજર રાખી રહ્યું છે.પેન્ટાગોને કહ્યું છે કે તે મધ્ય પૂર્વમાં વધારાના ફાઈટર જેટ અને નૌકાદળના યુદ્ધ જહાજો તૈનાત કરશે કારણ કે વોશિંગ્ટન ઈરાન અને તેના સહયોગી હમાસ અને હિઝબોલ્લાહ તરફથી ધમકીઓને પગલે સુરક્ષાને મજબૂત બનાવવા માંગે છે.

### તાઈવાનનો ખાડો ગુજરાતના નામે બતાવવો ભારે પડ્યો

# ક્રાઈમ બ્રાન્ચે પ્રશાંત દલવાડીની ધરપકડ કરી

## તાઈવાનનો વીડિયો મુકી ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ

અમદાવાદ, તા.૬

સોશિયલ મીડિયામાં ફેક ન્યૂઝ અને ફેક વીડિયોનો રાફડો ફાટ્યો છે. X પ્લેટ ફોર્મ પર ખાડામાં વાહન આવે અને ફગોળાય તેવો વીડિયો પોસ્ટ કરનાર નડિયાના વેપારી સામે પોલીસે કાર્યવાહી કરી છે. તેણે તાઈવાનનો વીડિયો પોસ્ટ કરીને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હોવાથી ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે થોડા સમય પહેલા ઠ ઉપર એક એવી પોસ્ટ થઈ હતી કે જેમાં કેટલાક વાહનો ખાડામાં પડે છે અને તેના કારણે વાહનો ફંગોળાઈ છે. આ વીડિયોની સાથે ગુજરાતનું નામ જોડવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચે આ વીડિયોની તપાસ કરી તો વીડિયો ફેક હોવાનું અને સામેની દુકાન પણ ભારતની ન હોવાનું બહાર આવ્યું હતું. આ વીડિયો નડિયાદમાં રહેતા પ્રશાંત દલવાડી નામના વ્યક્તિએ પોસ્ટ કર્યો હતો. આ વીડિયો મૂળ તાઈવાન હતો. આ સમગ્ર મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રશાંત દલવાડીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રશાંત દલવાડી નડિયાદમાં રહે છે અને તે કોઈ રાજકીય પાર્ટી સાથે હોવાથી તે X ઉપર આવી રીતે ઘણી વખત પોસ્ટ કરતો હોય છે. આ વખતે તેને કરેલી પોસ્ટ બીજા દેશની હતી અને ગુજરાત સાથે જોડવામાં આવતા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી હતી. પ્રશાંત ખૂબ જ સારો અંગ્રેજી ભાષાનો જાણકાર હોવાનું પણ જાણવા મળ્યું છે. તે ખાસ સમય દરમિયાન એક્સ ઉપર પોસ્ટ કરતો હોય, પરંતુ આ વખતે તેને કરેલી પોસ્ટ ખોટી હોવાથી હાલ એ દિશામાં તપાસ કરવામાં આવી છે.

### હિંસા સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો

# રાષ્ટ્રપતિએ વર્તમાન સંસદ ભંગ કરવાની જાહેરાત કરી

## બાંગ્લાદેશના પ્રમુખ શહાબુદ્દીન અને વિપક્ષી દળોની બેઠકમાં લોકોને દેશની અંદર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહયોગ કરવા વિનંતી કરવામાં આવી હતી

ઢાંકા, તા.૬

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિએ વર્તમાન સંસદના વિસર્જનની જાહેરાત કરી છે, જે જાન્યુઆરી ૨૦૨૪ માં ચૂંટણી પછી રચવામાં આવી હતી. વધુમાં, પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને જાહેરાત કરી હતી કે બાંગ્લાદેશના મુખ્ય વિપક્ષી નેતા અને ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાને તાત્કાલિક મુક્ત કરવામાં આવશે. રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા પ્રેસ નિવેદન અનુસાર, વિરોધ પક્ષના સભ્યો સાથેની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.આ બેઠકમાં ત્રણેય સેનાઓના વડાઓ અને વિપક્ષી રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ ભાગ લીધો હતો. આ સમય દરમિયાન, બાંગ્લાદેશમાં કોઈપણ વિલંબ કર્યા વિના વચગાળાની સરકાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં સર્વસંમતિથી બાંગ્લાદેશ જનતા પાર્ટી (BJP)ના પ્રમુખ બેગમ ખાલિદા ઝિયા અને અનામત આંદોલન દરમિયાન ધરપકડ કરાયેલા વિદ્યાર્થી નેતાઓ સહિત અન્ય તમામ રાજકીય કેદીઓને તાત્કાલિક મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.લોકોને દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી. લશ્કરને લૂંટફાટ અને કોઈપણ હિંસક ઘટના સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ સાથે એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે BJP પ્રમુખ ખાલિદા ઝિયાને કોઈપણ વિલંબ કર્યા વિના મુક્ત કરવામાં આવે.બાંગ્લાદેશના વડા પ્રધાન પદ છોડ્યા પછી શેખ હસીનાએ તેમનો દેશ પણ છોડવો પડ્યો હતો, જે હાલમાં ભારતમાં છે. શેખ હસીનાનું વિમાન ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર રોકાઈ ગયું છે. બીજી તરફ બાંગ્લાદેશમાં વિદ્રોહ બાદ ભીડ સડકો પર છે. જેમણે બપોરે પીએમ આવાસમાં ઘૂસીને ભારે લૂંટ ચલાવી હતી. જે બાદ અવામી લીગના ઘણા સાંસદો અને મંત્રીઓના ઘરો, ઓફિસો અને ઘરો પર પણ હુમલો કરવામાં આવ્યો હતો અને આગ લગાવવામાં આવી હતી. બાંગ્લાદેશમાં ચાર હિન્દુ મંદિરોને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. આ સમયે સમગ્ર વિશ્વની નજર બાંગ્લાદેશ પર છે. ભારત પર પણ કારણ કે શેખ હસીના હજુ ભારતમાં છે.બાંગ્લાદેશમાં વિવિધ સ્થળોએ થઈ રહેલી હિંસાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. એક વીડિયોમાં જોવા મળ્યું હતું કે ૧૯૭૧માં બાંગ્લાદેશને આઝાદી અપાવનાર શેખ મુજીબુર રહેમાનની પ્રતિમા પર લોકો ચઢી જાય છે અને તેને હથોડીથી તોડવા લાગે છે. સવાલ એ છે કે શું બાંગ્લાદેશના સ્થાપક મુજીબુર રહેમાનની પ્રતિમા તોડવા પાછળનું કારણ બંગબંધુ તરીકે ઓળખાતા તેમની પુત્રી શેખ હસીના છે, જેને બાંગ્લાદેશમાં લોકશાહીની 'આયર્ન લેડી' કહેવામાં આવતી હતી?

### બાંગ્લાદેશમાં સર્વત્ર હંગામો...

# ચીફ જસ્ટિસ અને ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટનના ઘરે તોડફોડ અને આગચંપી

## બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી

ઢાંકા, તા.૬

બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાડવામાં આવી હતી. આ એક ઐતિહાસિક ઈમારત છે જે ઢાકાના ધાનમોન્ડીમાં સ્થિત છે, જેનો ઉપયોગ શેખ મુજીબુર રહેમાન તેમના ખાનગી નિવાસસ્થાન તરીકે કરતા હતા. બાંગ્લાદેશમાં તખ્તાપલટ અને શેખ હસીનાના રાજીનામા બાદ દેશના વિવિધ વિસ્તારોમાં હિંસાનું વાતાવરણ છે. કેટલીક જગ્યાએ તોડફોડ અને કેટલીક જગ્યાએ આગચંપીના અહેવાલો છે. બાંગ્લાદેશી ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મસરફે મોર્તઝાના ઘરને પ્રદર્શનકારીઓએ આગ લગાવી દીધી હતી. દેખાવકારોએ નારેલમાં મશરફી મુર્તઝાના મુખ્ય ઘરને આગ ચાંપી દીધી હતી.વિરોધીઓએ બાંગ્લાદેશમાં કથિત 'નરસંહાર અને વિદ્યાર્થીઓની સામૂહિક ધરપકડ' પર તેમના મૌન માટે શાસક અવામી લીગ પાર્ટીના સાંસદ મુર્તઝા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ ઘટના પછી જે દ્રશ્યો સામે આવ્યાં હતાં તેમાં દેખાવકારો દ્વારા તેમના ઘરની તોડફોડ અને આગ લગાડવામાં આવી હતી.મોર્તઝાએ અલગ-અલગ ફોર્મેટમાં ૧૧૭ મેચોમાં બાંગ્લાદેશની કેપ્ટનશિપ કરી હતી, જે તેના દેશ માટે સૌથી વધુ છે. તેમની લાંબી ક્રિકેટ કારકિર્દી દરમિયાન, તેણે ૩૬ ટેસ્ટ, ૨૨૦ ODI અને ૫૪ટી૨૦ મેચોમાં પ્રભાવશાળી ૩૯૦ દેખાવ કર્યા અને ૨,૯૫૫ રન બનાવ્યા. નિવૃત્તિ પછી, તેમણે ૨૦૧૮ માં તેમની રાજકીય ઈનિંગ્સ શરૂ કરી અને શેખ હસીનાના નેતૃત્વવાળી અવામી લીગમાં જોડાયા. તેઓ નરેલ-૨ બેઠક પરથી સાંસદ તરીકે જીત્યા હતા.ઢાકામાં પ્રદર્શનકારીઓ દ્વારા બાંગ્લાદેશના મુખ્ય ન્યાયાધીશના ઘરની લૂંટ કરવામાં આવી હતી. બાંગ્લાદેશનું પોલીસ તંત્ર સાવ પડી ભાંગ્યું છે, રસ્તાઓ પર પોલીસ નથી. બાંગ્લાદેશ સરહદ રક્ષક સૈનિકોને પણ પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને તેઓ ફરજ પર નથી. બાંગ્લાદેશના રસ્તાઓ પર માત્ર સેનાના જવાનો જ તૈનાત છે, પરંતુ તેમની સંખ્યા ઓછી છે.બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના સત્તાવાર નિવાસસ્થાન 'બંગબંધુ ભવન'માં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાડવામાં આવી હતી. આ એક ઐતિહાસિક ઈમારત છે જે ઢાકાના ધાનમોન્ડીમાં સ્થિત છે, જેનો ઉપયોગ શેખ મુજીબુર રહેમાન તેમના ખાનગી નિવાસસ્થાન તરીકે કરતા હતા.હકીકતમાં, ઓગસ્ટ ૧૯૭૫માં શેખ મુજીબની તેમના પરિવારના સભ્યો સાથે આ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. આ દરમિયાન તેમની પુત્રી શેખ હસીના આ ઘટના સમયે વિદેશમાં હોવાના કારણે બચી ગઈ હતી. આ ઈમારત રાષ્ટ્રીય ધરોહર સ્થળ છે અને તેને બંગબંધુ મેમોરિયલ મ્યુઝિયમમાં રૂપાંતરિત કરવામાં આવી છે.

### અંધશ્રદ્ધા સબંધિત ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે

# અંધશ્રધ્ધા અને કાળા જાદુ સામે રાજ્ય સરકાર વિશેષ કાયદો લાવશે

## રાજ્ય સરકાર દ્વારા વિશેષ ખરડો પસાર કરવામાં આવશે અને અંધશ્રદ્ધા સહિતની બાબતોમાં કડકાઈથી પાલન થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવશે

અમદાવાદ, તા.૬

કાળા જાદુ, અઘોરી અને અમાનવીય પ્રવૃતિઓ સામે રાજ્ય સરકાર આગામી વિધાનસભા સત્રમાં વિશેષ કાયદો લાવવા જઈ રહી છે.

આ અંગે સરકાર દ્વારા હાઈકોર્ટમાં જાણકારી આપવામાં આવી છે. હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આવી પ્રવૃતિઓ અટકાવવા ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે તે અંગે ખૂલાસો માગ્યો હતો. રાજ્યમાં અંધશ્રદ્ધા સબંધિત ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે જેને લઈને અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરાતની અરજી કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આ તમામ પ્રક્રિયાઓ અટકાવા કયા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે અંગે ખુલાસો માંગ્યો હતો. જ્યારે અરજદારની રજૂઆત હતી કે દેશના કેટલાક રાજ્યોમાં આ પ્રકારની ઘટનાઓ માટે કાયદો છે, પરંતુ ગુજરાતમાં આ પ્રકારે કોઈ પણ કાયદો લાગુ પડતો નથી જે સંદર્ભે પણ ખુલાસો કરવા કહ્યું હતું. રાજ્ય સરકારે આ મામલે હાઈકોર્ટમાં જવાબ આપી કહ્યું છે કે આગામી સત્ર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિશેષ ખરડો પસાર કરવામાં આવશે અને અંધશ્રદ્ધા સહિતની બાબતોમાં કડકાઈથી પાલન થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવશે.

નોંધનીય છે કે આ કેસમાં અરજદાર દ્વારા સમગ્ર કાયદા અંગે એક ડ્રાફ્ટ બનાવીને કોર્ટમાં મૂકવામાં આવ્યો છે જેમાં ૧૪ જેટલા મુદ્દાઓને આ ખરડામાં આવરી લેવા માટે ભલામણ પણ કરવામાં આવી છે.

# બાંગ્લાદેશમાં સર્જાયેલી કટોકટીની સુરતના કાપડ ઉદ્યોગ પર સીધી અસર

સુરત, તા.૬

બાંગ્લાદેશમાં સર્જાયેલી અરાજકતા અને કટોકટીની સીધી અસર ભારતીય બજારો પર દેખાઈ રહી છે. તોફાનોના કારણે ભારતના સુરતના કાપડના વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. ટેક્સ્ટાઈલ અને કેમિકલ ઉદ્યોગના વેપારીઓના હજારો કરોડના પેમેન્ટ અટવાયા છે.બાંગ્લાદેશમાં વ્યાપક પ્રમાણમાં કાપડ ઉદ્યોગને કારણે તેની અસર ભારતના બજારોમાં પણ જોવા મળી રહી છે. તોફાનોના કારણે સુરતના બજારો પર સીધી અસર જોવા મળી રહી છે. સુરતના ટેક્સટાઈલ અને કેમિકલ ઉદ્યોગના વેપારીઓએ બાંગ્લાદેશમાં કરેલા નિકાસના પેમેન્ટ અટવાયા છે. એક અંદાજ મુજબ વેપારીઓના અંદાજિત રૂપિયા ૮૦૦થી ૧ હજાર કરોડ ફસાયા છે. અને સ્થિતીને લીધે કાપડ વેપારીઓની બાંગ્લાદેશમાં થતી નિકાસ પણ અટવાઈ છે. એક રીતે વેપારીઓ હવે બરાબરના મુશ્કેલીમાં મૂકાયા છે. એ ઓર્ડર્સ પણ સુરતના વેપારીઓને મળ્યા છે. જેમાથી કેટલાકનું શિપમેન્ટ થયુ છે અને કેટલાક બાકી હતા. હાલ બાંગ્લાદેશમાં સર્જાયેલી સ્થિતિને કારણે તમામ ઓર્ડર પર પણ સંકટ તોળાયુ છે, જે ઓર્ડર મોકલી દેવાયા છે તેનુ પેમેન્ટ અટવાયેલુ છે.

### મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાયા

## ફિજીની બે દિવસની મુલાકાતે આવેલા મુર્મુએ આ સન્માનને ભારત અને ફિજી વચ્ચેના ''મૈત્રીના ગાઢ બંધનોનું પ્રતિબિંબ'' ગણાવ્યું હતું દ્વીપસમૂહ રાષ્ટ્રની ભારતીય રાજ્યના વડાની આ પ્રથમ મુલાકાત છે

નવીદિલ્હી, તા.૬

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મંગળવારે ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુર્મુએ બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરી અને કહ્યું કે ભારત એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છે. ''ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ માવાલીલી કાટોનીવેરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી' એવોર્ડ અર્પણ કર્યો,'' રાષ્ટ્રપતિ કાર્યાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ ફિજીનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.'' ફિજીની બે દિવસની મુલાકાતે આવેલા મુર્મુએ આ સન્માનને ભારત અને ફિજી વચ્ચેના ''મૈત્રીના ગાઢ બંધનોનું પ્રતિબિંબ'' ગણાવ્યું હતું. દ્વીપસમૂહ રાષ્ટ્રની ભારતીય રાજ્યના વડાની આ પ્રથમ મુલાકાત છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ ફિજીની સંસદને પણ સંબોધિત કરી હતી. ''જેમ કે ભારત વૈશ્વિક મંચ પર મજબૂત રીતે ઉભરી રહ્યું છે, અમે એક મજબૂત, સ્થિતિસ્થાપક અને વધુ સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે તમારી પ્રાથમિકતાઓને અનુરૂપ ફિજી સાથે ભાગીદારી કરવા તૈયાર છીએ,'' તેમણે કહ્યું. ચાલો આપણે આપણા બે પ્રિય દેશોના લોકોના પરસ્પર લાભ માટે અમારી ભાગીદારીની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે એકસાથે આવીએ.'' તેમણે કહ્યું કે કદમાં વિશાળ તફાવત હોવા છતાં, ભારત અને ફિજીમાં વાઈબ્રન્ટ લોકશાહી સહિત ઘણું સામ્ય છે . તેમણે યાદ કર્યું કે લગભગ ૧૦ વર્ષ પહેલા આ જ હોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ફિજીને જોડતા કેટલાક મુખ્ય મૂલ્યોનો ઉલ્લેખ કર્યો હતો.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, ''આમાં આપણી લોકશાહી, આપણા સમાજની વિવિધતા, તમામ માનવ સમાન છે તેવી અમારી માન્યતા અને દરેક વ્યક્તિની સ્વતંત્રતા, ગૌરવ અને અધિકારો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. આ વહેંચાયેલ મૂલ્યો કાલાતીત છે અને અમને માર્ગદર્શન આપતા રહેશે,'' તેણીએ કહ્યું, ''અહીં મારા ટૂંકા સમયમાં, હું જોઈ શકું છું કે બાકીના વિશ્વને ફિજી પાસેથી ઘણું શીખવાનું છે. ફિજીની સૌમ્ય જીવનશૈલી, પરંપરાઓ અને રિવાજો માટે ઊંડો આદર, ખુલ્લું અને બહુસાંસ્કૃતિક વાતાવરણ એ જ ફિજીને વિશ્વમાં વધુને વધુ સંઘર્ષમાં ઘેરાયેલું વિશેષ બનાવે છે. તેમાં કોઈ અજાયબી નથી કે ફિજી જ્યાં વિશ્વના બાકીના લોકો તેમની ખુશી શોધવા આવે છે.'' તેમણે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે સુવામાં સ્થપાઈ રહેલી 'સુપર સ્પેશિયાલિટી કાર્ડિયોલોજી હોસ્પિટલ' સહિતના નવા પ્રોજેક્ટ લોકો માટે પ્રાથમિકતા હશે. ફિજી અને વિશાળ પેસિફિક ક્ષેત્રની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.

અગાઉ, રાષ્ટ્રપતિ મુર્મુનું રાષ્ટ્રપતિ કાટોનીવેરે 'સ્ટેટ હાઉસ' ખાતે સ્વાગત કર્યું હતું જ્યાં બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. ''સ્ટેટ હાઉસ ખાતે, રાષ્ટ્રપતિ મુર્મુએ 'સોલરાઈઝેશન ઓફ હેડ્સ ઓફ સ્ટેટ રેસિડેન્સીસ' પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી,'' તેમની ઓફિસે 'ઠ' પરની પોસ્ટમાં જણાવ્યું હતું. આ એક ભારતીય પહેલ છે જે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવી હતી.'' નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ફિજીની મુલાકાત બાદ મુર્મુ ન્યુઝીલેન્ડ અને તિમોર-લેસ્ટેની મુલાકાત લેશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિની છ દિવસીય ત્રણ દેશોની મુલાકાતનો ઉદ્દેશ્ય ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિને આગળ વધારવાનો છે.

### સંસદ ભવનમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી

# એકમાત્ર ઉદ્દેશ્ય શેખ હસીનાને હટાવવાનો હતો, હિંદુઓને નિશાન બનાવાયા:જયશંકર

## વિદેશ મંત્રી એસ જયશંકરે ત્યાંની સ્થિતિ અને ભારતની સ્થિતિ વિશે માહિતી આપી છે

નવીદિલ્હી, તા.૬

વિદેશ મંત્રી એસ જયશંકરે મંગળવારે સર્વપક્ષીય બેઠકમાં બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી. આ સાથે વિદેશ મંત્રીએ સર્વસંમત સમર્થન માટે તમામ પક્ષોની પ્રશંસા કરી હતી. આ બેઠકમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ હાજર હતા. મીડિયા રિપોર્ટમાં સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ પૂછ્યું કે ઢાકામાં સત્તા પરિવર્તનના રાજદ્વારી પરિણામોનો સામનો કરવા માટે સરકારની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની રણનીતિ શું છે. વિદેશ મંત્રીએ આ બેઠકમાં પાકિસ્તાની રાજદ્વારીઓની ગતિવિધિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેના પર વિદેશ મંત્રીએ જવાબ આપ્યો કે આ વિકાસશીલ સ્થિતિ છે. તેમણે કહ્યું કે કેન્દ્ર તેનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કરી રહ્યું છે જેથી કરીને તે તેનું આગળનું પગલું નક્કી કરી શકે. અહેવાલો અનુસાર, કોંગ્રેસ નેતાએ એ પણ પૂછ્યું કે શું કોઈ વિદેશી શક્તિ, ખાસ કરીને પાકિસ્તાન, છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઢાકામાં નાટકીય વિકાસમાં ભૂમિકા ભજવી શકે છે જે હસીનાની હકાલપટ્ટીમાં પરિણમ્યું હતું. કેન્દ્રએ જવાબ આપ્યો કે તે આ પાસાની તપાસ કરી રહ્યું છે. એક સૂત્રએ એમ પણ કહ્યું કે સરકારે કહ્યું કે એક પાકિસ્તાની રાજદ્વારી બાંગ્લાદેશમાં હિંસક વિરોધની સ્થિતિને પ્રતિબિંબિત કરવા માટે તેના સોશિયલ મીડિયા ડિસ્પ્લે પિક્ચરને સતત બદલી રહ્યો છે. કેન્દ્રએ કહ્યું કે તે તપાસ કરી રહ્યું છે કે શું આ કોઈ મોટી બાબત તરફ ઈશારો કરે છે. રાહુલ ગાંધીએ એવો પણ સવાલ કર્યો હતો કે શું ભારતને બાંગ્લાદેશમાં નાટકીય વળાંક આવવાનો અંદાજ હતો. જેના પર વિદેશ મંત્રીએ જવાબ આપ્યો કે ભારત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.બાંગ્લાદેશમાં અનામત વિરોધી હિંસક વિરોધ વચ્ચે વડાપ્રધાન શેખ હસીનાએ અચાનક રાજીનામું આપી દીધું છે. હસીનાએ દેશ છોડતાં ત્યાં અરાજકતાની સ્થિતિ સર્જાઈ છે. હસીના સોમવારે રાત્રે બાંગ્લાદેશ વાયુસેનાના C-૧૩૦J મિલિટરી એરક્રાફ્ટમાં ભારત પહોંચી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે લંડન જવાની યોજના ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે આ મુદ્દે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

### આ સિઝનમાં નીરજનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

# નીરજ ચોપરાએ પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલમાં પ્રવેશ કર્યો

## નીરજ ચોપડાએ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં ૮૭.૫૮ મીટર ભાલા ફેંકીને ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો

નવીદિલ્હી, તા.૬

નીરજની જેમ પાકિસ્તાનના અરશદ નદીમે પણ પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. અરશદે તેના પ્રયાસમાં ૮૬.૫૯ મીટરનો થ્રો કર્યો અને ફાઈનલ માટે ક્વોલિફાઈ થઈ ગયો. અરશદનો આ થ્રો તેનું સિઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ પ્રયાસમાં જ ફાઈનલ માટે ક્વોલિફાઈ કર્યું હતું. પીટર્સે તેના પ્રથમ પ્રયાસમાં ૮૮.૬૩નો સ્કોર કર્યો અને ગ્રુપ મ્માંથી સીધો ક્વોલિફાય કરનાર ત્રીજો એથ્લેટ બન્યો. નીરજ પ્રથમ પ્રયાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એથલીટ હતો.

નીરજ ચોપડાએ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં ૮૭.૫૮ મીટર ભાલા ફેંકીને ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. વિશ્વ ચેમ્પિયનશિપ સ્તરે એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનારા અભિનવ બિન્દ્રા પછી તે બીજો ભારતીય છે. આ વખતે પણ તે ગોલ્ડ જીતવા માટે ફેવરિટ છે. કરોડો ભારતીયોને આશા છે કે તે ચોક્કસપણે કમાલ કરશે.વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીતવા પર નીરજ ચોપરાને ઈનામી રકમ તરીકે ૭૦ હજાર યૂએસ ડૉલર મળ્યા, જે ભારતીય રૂપિયા અનુસાર લગભગ ૫૮ લાખ રૂપિયા છે. સ્વિત્ઝર્લેન્ડ ટુરિઝમે પણ ૨૫ વર્ષીય નીરજને તેના શાનદાર પ્રદર્શન માટે સન્માનિત કર્યા છે અને તેને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.ભારતીય સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને ઝ્યુરિચ ડાયમંડ લીગમાં સિલ્વર મેડલથી જ સંતોષ માનવો પડ્યો હતો. ડાયમંડ લીગના આ તબક્કામાં પણ થોડા દિવસો પહેલા બુડાપેસ્ટમાં એથ્લેટિક્સ વર્લ્ડ કપમાં ૮૮.૧૭ મીટરમાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ પાસેથી દરેકને ગોલ્ડ મેડલની અપેક્ષા હતી, પરંતુ નીરજને માત્ર સિલ્વર મેડલથી જ સંતોષ માનવો પડ્યો હતો.

### કૃષિમંત્રી રાઘવજી પટેલ પર નારાજ ખેડૂતોએ કર્યો કટાક્ષ

# રાઘવજી કૃષિમંત્રી નહી, પરંતુ ખુરશી મંત્રી છે

## ભારે વરસાદને કારણે ખેતી તબાહ થતાં ખેડૂતોને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો

ગાંધીનગર, તા.૬

આ વખતે મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે. જોકે, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદે તબાહી સર્જી છે. ખેતરોમાં ઉભા પાક ધોવાયા છે. અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાતા ખેતીને વ્યાપકપણે નુકસાન પહોંચ્યુ છે ત્યારે વળતરની માંગ ઉઠી છે. દરમિયાન, રોષે ભરાયેલાં ખેડૂતોએ સોશિયલ મિડીયામાં કૃષિમંત્રી રાઘવજી પટેલ પર કોમેન્ટ કરી એવી ભડાશ ઠાલવી છેકે, રાઘવજી કૃષિમંત્રી નહી, પરંતુ ખુરશી મંત્રી છે. ભારે વરસાદને કારણે ખેતી તબાહ થતાં ખેડૂતોને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે ત્યારે નુકશાનીનુ વળતર આપવા માંગ ઉઠી છે. આ તરફ, કૃષિમંત્રી રાઘવજીએ સર્વે કરવાની ખાતરી આપી છે છતાંય નારાજ ખેડૂતોએ સોશિયલ મિડીયામાં કોમેન્ટો કરીને ઉભરો ઠાલવ્યો છેકે, વરસાદથી કેટલું નુકશાન થયુ છે તે માહિતી લેવા કોઈ આવતું નથી તો સરકાર-કૃષિ વિભાગને નુકસાનીના આંકડા-માહિતી કેવી રીતે મળી જાય છે.

ખેડૂતોની ફરિયાદ છેકે, પાંચ થેલી યુરિયા ખરીદો તો, એક થેલી નર્મદા ફોસ્ફરસની પકડાવી દેવાય છે. આમ, ખેડૂતો સાથે મનમાની કરવામાં આવી રહી છે. ખેડૂતોએ એવી હૈયા વરાળ ઠાલવી કે, વાવેતર તો કર્યું પણ ધોવાઈ ગયું. વરસાદ તો થયો પણ પાક બળી ગયોને, ઉજડી ગયો. એવો ય આક્ષેપ કરાયો છેકે, આ સરકાર તો ખેડૂતોના પાક વિમાના કરોડો રૂપિયા ચાંઉ કરી ગઈ છે.બનાસકાંઠામાં વર્ષ ૨૦૨૩માં પૂરમાં થયેલા નુકસાનનું વળતર હજુય ખેડૂતોને ચૂકવાયુ નથી. ડબલ આવકના વચન વાયદા છોડો, પહેલાં ખેડૂતોને ખેતીના નુકશાનનું વળતર ચૂકવો. ભાજપના રાજમાં તો ખેડૂતોના માથે પનોતી બેઠી છે. ખેડૂતોએ એવી ય ચિમકી ઉચ્ચારી છેકે, હજુય સમય છે, ખેડૂતો માટે કંઈક કરો નહીંતર વર્ષ ૨૦૨૭માં હાંકી કાઢવા પડશે.

### કેટ આઈલેન્ડ પર માનવીઓ કરતાં બિલાડીઓની સંખ્યા વધુ

# ભાજપના નેતાએ સંસદમાં ઉઠાવ્યો રખડતા શ્વાનનો મુદ્દો

## આ વિષય પર એક સમિતિ બનાવવામાં આવે : સાંસદ

નવીદિલ્હી , તા.૬

કૂતરું કરડવાના કિસ્સા આપણે ઘણી વખત અખબારોમાં કે શેરીમાં અથવા તો ચા ની દુકાનમાં સાંભળ્યા હશે પરંતુ મંગળવારે આ મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો. ગાઝિયાબાદથી ભાજપના સાંસદ અતુલ ગર્ગે આ મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપ સાંસદે કહ્યું કે એક સવાલના જવાબમાં સંસદમાં જણાવવામાં આવ્યું હતું કે, સમગ્ર દેશમાં સાડા ત્રીસ લાખ લોકોને કૂતરાં કરડ્યા છે. તેમાંથી ૨૮૬ લોકોના મોત થયા છે. જો આ આંકડો સાચો છે તો મારા ગાઝિયાબાદમાં એક વર્ષમાં ૩૫ હજાર લોકો કૂતરું કરડવાના શિકાર બન્યા છે. તેનો સૌથી વધુ શિકાર નાના-નાના બાળકો બની રહ્યા છે. અહેવાલનો હવાલો આપતાં કહ્યું કે, ગાઝિયાબાદમાં કૂતરું એક બાળકના કાન પર કરડ્યું અને તેનો કાન કાપી લીધો. ચાર દિવસ પહેલા એક સમાચાર આવ્યા હતાં કે હડકવાથી એક બાળકનું દુઃખદ મૃત્યુ થયું છે. જો કૂતરો પાલતુ હોય અને તે કોઈને કરડે તો તેના માટે તેનો માલિક જવાબદાર હોય છે. જો પ્રાઈવેટ કૂતરા ગંદગી કરે તો તેના માટે પણ કોઈ જવાબદાર હોય છે. પરંતુ જો કોઈ રખડતું કૂતરું કરડે તો કોઈ કૂતરા પ્રેમી કરડનાર વ્યક્તિ સામે કોઈ નથી આવતું અને તેમને બચાવવા માટે પણ કોઈ આગળ નથી આવતું. ભાજપના સાંસદ અતુલ ગર્ગે કહ્યું કે, તમને વિનંતી છે કે અગાઉ પણ સંસદની અંદર અને સુપ્રીમ કોર્ટની અંદર ઘણા મામલાઓ પર પુનર્વિચાર કરવામાં આવ્યો છે. એવા નિયમો બનાવવામાં આવ્યા છે કે જો કૂતરાની નસબંધી કરવામાં આવી હોય તો તેને ફરીથી ત્યાં જ છોડી દેવો પડશે. મારા શહેરમાં બાળકો રમી નથી શકતા અને લોકો ફરી નથી શકતા. શહેરમાં આતંકનું વાતાવરણ બની ગયું છે અને આવી જ સ્થિતિ અન્ય સ્થળોએ પણ હશે.સાંસદે કહ્યું કે અધ્યક્ષ મહોદય હું તમને વિનંતી કરું છું કે ફરી એક સમિતિ બનાવીને આ અંગે પુનર્વિચાર કરવો જોઈએ. જેઓ કહી રહ્યાં છે કે, એબીસીનું કામ બરાબર ચાલી રહ્યું છે. હું તેમને પૂછવા માંગુ છું કે કૂતરા કરડવાથી અને તેનાથી મરનારા લોકોની સંખ્યા કેમ વધી રહી છે? તેમણે કહ્યું કે, આ નિયમોમાં પશુ પ્રેમી અને માણસની સ્વતંત્રતા વચ્ચે કોઈને કોઈ અસંતુલન છે. સરકાર હોય કે, પછી કોઈ પણ કોર્ટ હોય માનવતાને પ્રાથમિકતા મળવી જોઈએ. તમને વિનંતી કરું છું કે, આ વિષય પર એક સમિતિ બનાવવામાં આવે.

### BJP નેતાએ દેવરિયાના DMને કરી ફરિયાદ

# યુપીમાં ભોજન ખાધા બાદ ૪૦ વિદ્યાર્થીઓની તબિયત લથડી

## ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયાએ ડીએમ દિવ્યા મિત્તલની સામે અધિકારીઓ પર બેદરકારીનો આરોપ લગાવ્યો

ઉત્તર પ્રદેશ, તા.૬

યુપીના દેવરિયામાં સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત ઈન્ટર કોલેજમાં ભોજન ખાધા બાદ લગભગ ૪૦ વિદ્યાર્થીઓની તબિયત લથડી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. આ સમાચાર મળતા જ જિલ્લા વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. બીજેપી ધારાસભ્ય, ડીએમ, એસપી તમામ ઘટનાસ્થળે પહોંચ્યા. પરંતુ આ દરમિયાન ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયાએ ડીએમ દિવ્યા મિત્તલની સામે અધિકારીઓ પર બેદરકારીનો આરોપ લગાવ્યો. જેના પર ડીએમએ સંબંધિત અધિકારીને કડક સલાહ આપી હતી. તેમજ કોલેજના પ્રિન્સિપાલને કડક સૂરમાં ચેતવણી આપી હતી.

ભાજપના ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયાએ કહ્યું કે તેમણે આ ઘટના અંગે અધિકારીને ફોન કર્યો હતો પરંતુ તેમણે ઉપાડ્યો ન હતો. તેઓ પોતે વિદ્યાર્થીઓની સારવારની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત રહ્યા. ધારાસભ્યના જણાવ્યા અનુસાર, તેમણે સતત પાંચ વખત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને ફોન કર્યો, પરંતુ અધિકારી ઘણા કલાકો પછી ઘટનાસ્થળે પહોંચ્યા. કહેવા લાગ્યો કે તે ડીએમ સાથે મીટિંગમાં છે. ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયાએ ડીએમને કહ્યું – મેડમ, આટલી મોટી ઘટના બની છે, તેની જવાબદારી સમાજ કલ્યાણ અધિકારીની છે, પરંતુ તેઓ ૫-૬ કલાક પછી આવી રહ્યા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું તો તેઓએ કહ્યું કે અમે ડીએમ મેડમ સાથે મીટિંગમાં હતા. તો મેં કહ્યું કે બાળકોની તબિયત નાદુરસ્ત હોવાથી મિટિંગ જરૂરી છે.

આના પર ડીએમ દિવ્યા મિત્તલે સમાજ કલ્યાણ અધિકારી લાલ બહાદુરને પૂછ્યું કે જો તે મીટિંગમાં હતી તો શું થયું? તમારે આ ઘટના વિશે અગાઉ જાણ કરવી જોઈતી હતી. મને કેવી રીતે ખબર પડશે કે બહાર શું થયું છે, તમારે મને તરત જ કહેવું જોઈતું હતું. જ્યારે મને ધારાસભ્યનો ફોન આવ્યો ત્યારે મેં તેમને જાણ કરી કે રાહત ટીમ મોકલવામાં આવી છે. તમારે બધા (અધિકારીઓએ) સમજવું જોઈએ કે બાળકો વધુ મહત્વપૂર્ણ છે. તમે લોકો સૌથી પહેલા માહિતી મેળવશો.

દેવરિયા ડીએમએ ફૂડ પોઈઝનિંગનો ભોગ બનેલા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગે સરકારી આંતર કોલેજના આચાર્ય/કર્મચારીઓને કડક ચેતવણી આપી હતી. ડીએમએ કહ્યું- ખોરાક ખાધા પછી તમારી જાતની તપાસ કરો. દરરોજ ચાખવું. તમારી વ્યવસ્થામાં સુધારો કરો નહીંતર તમારે સમસ્યાઓનો સામનો કરવો પડશે. ખોરાકની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

તમારે આ વિદ્યાર્થીઓને તમારા બાળકો ગણવા જોઈએ. આ પછી, ડીએમ દિવ્યા મિત્તલે ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓ અને વાલીઓને સમજાવીને શાંત કર્યા અને ભવિષ્યમાં કોઈ સમસ્યા હોય તો તેમને જાણ કરવા પણ કહ્યું. આ દરમિયાન ડીએમ સાથે એસપી સંકલ્પ શર્મા, બીજેપી ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયા સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર હતા.

### જીએસટીથી સામાન્ય લોકો ખૂબ જ નારાજ છે

# ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર પ્રદર્શન કર્યું

## ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર આરોગ્ય અને જીવન વીમા પ્રીમીયમ પર ૧૮% GST દૂર કરવા પ્રદર્શન કર્યું

નવીદિલ્હી, તા.૬

દિલ્હીમાં આજે ઈન્ડિયા એલાયન્સના સાંસદોએ સંસદના મકર ગેટ પર પ્રદર્શન કર્યું. વિરોધનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકાર પર આરોગ્ય અને જીવન વીમા પ્રિમીયમ પર ૧૮% GST દૂર કરવા દબાણ લાવવાનો છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, 'સરકાર દ્વારા સ્વાસ્થ્ય વીમા અને દવાઓ પર લાદવામાં આવેલા જીએસટીથી સામાન્ય લોકો ખૂબ જ નારાજ છે. નીતિન ગડકરી (કેન્દ્રીય મંત્રી)એ આ માટે પત્ર પણ લખ્યો છે. સરકારની અંદર પણ આનો ભારે વિરોધ થઈ રહ્યો છે. આ માટે આજે સમગ્ર વિપક્ષ વિરોધ કરી રહ્યો છે. સરકારે સામાન્ય માણસને રાહત આપવી પડશે. વિરોધ પક્ષોનું કહેવું છે કે વીમા પ્રીમિયમ પર ૧૮% GST એ લોકો માટે આર્થિક બોજ છે અને તેને દૂર કરવો જરૂરી છે. તેઓ દલીલ કરે છે કે આ કર માત્ર વીમા પૉલિસીને મોંઘો નથી બનાવતો પણ સમાજમાં આર્થિક અસુરક્ષા પણ વધારે છે. તેઓ માંગ કરી રહ્યા છે કે GST દૂર કરવાથી વધુ લોકોને વીમા પૉલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત થશે, જેનાથી સમાજમાં સુરક્ષાની ભાવના વધશે અને લોકોને આર્થિક મદદ મળશે.અગાઉ પણ બજેટ સત્ર દરમિયાન વિરોધ પક્ષોએ આ મુદ્દે સંકલન કર્યું હતું, પરંતુ કોઈ સંયુક્ત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું ન હતું. તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ આ સંદર્ભે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે. પત્રમાં, તેમણે વિનંતી કરી છે કે આરોગ્ય અને જીવન વીમા પ્રિમીયમ પરનો GST દૂર કરવામાં આવે, જેથી જનતાને રાહત મળી શકે.તમને જણાવી દઈએ કે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને જીવન વીમા અને મેડિકલ ઈન્સ્યોરન્સ પર ૧૮% GST હટાવવાની માંગ કરી છે. ગડકરીએ દલીલ કરી છે કે આ વીમા પૉલિસીઓ પરથી GST દૂર કરવાથી લોકોને વધુ વીમા પૉલિસી ખરીદવા પ્રોત્સાહિત થશે, જેનાથી સમાજમાં સુરક્ષાની ભાવના વધશે અને લોકોને આર્થિક મદદ મળશે. ઓગસ્ટના ત્રીજા સપ્તાહમાં ૫૪મી GST કાઉન્સિલની બેઠક યોજાય તેવી શક્યતા છે, જેમાં આ પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવશે. જો નાણામંત્રી આ પ્રસ્તાવને મંજુરી આપે તો દેશના કરોડો લોકોને મેડિકલ ઈન્સ્યોરન્સ મેળવવો સરળ થઈ જશે અને તેનું પ્રીમિયમ પણ ઘટશે.

### નીતિ આયોગે જાહેર કરેલા SDG ઈન્ડેક્સ

# ૨૦૨૩-૨૪માં આરોગ્ય ક્ષેત્રે દેશમાં ગુજરાત બીજા ક્રમે

## ભારતમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજી વાર પ્રથમ રેંક પર

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ભારત સરકારના નીતિ આયોગ દ્વારા તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સનો ચોથો રિપોર્ટ રિલીઝ કરવામાં આવ્યો છે. જેમા ગુજરાત રાજ્યએ ગોલ નંબર ત્રણ – આરોગ્ય અને સુખાકારીમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજા વર્ષે પ્રથમ રેંક મેળવી ઉચ્ચસ્થાન હાંસલ કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિધ્ધી માટે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ એ રાજ્યના તમામ હેલ્થકેર વર્કર્સની ફરજનિષ્ઠાને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સિધ્ધિ રાજ્યના તમામ હેલ્થકેર વર્કર્સના પ્રયાસોને સમર્પિત કરી હતી.નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૮માં સૌ પ્રથમ એસડીજી ઈન્ડેક્સનો રિપોર્ટ પ્રસિદ્ધ કરાયો હતો. વર્ષ ૨૦૧૮માં ગુજરાત રાજ્ય દ્વારા એસડીજીના આરોગ્યના ગોલમાં ૫૨ ના સ્કોર હતો. જે વર્ષ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં ૯૦એ પહોંચ્યો છે.રાજ્ય સરકારના આરોગ્ય પ્રત્યેની કટિબદ્ધતા તેમજ પ્રજાલક્ષી નીતિઓ તથા આરોગ્ય સેવાઓ અને યોજનાઓના અસરકારક અમલીકરણના પરિણામે જ એસડીજી ગોલના સ્કોરમા સતત સુધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ના બીજા રીપોર્ટમાં આરોગ્યના ગોલના સ્કોરમાં વધારો થઈ ૬૭ સ્કોર સાથે ગુજરાત ૧૭થી ૮ માં રેંક પર રહ્યું હતુ. ત્યાર બાદ એસડીજી ઈન્ડેક્સના ત્રીજા રીપોર્ટમા ૮૬ના સ્કોર સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં રાજ્યની શ્રેણીમાં પ્રથમ રેંક પર પહોંચી ગયુ હતુ.આજે વર્ષ ૨૦૨૩-૨૪ના રીપોર્ટમાં ગુજરાત સમગ્ર ભારતમાં રાજ્યોની શ્રેણીમાં સતત બીજી વાર પ્રથમ રેંક પર રહ્યું છે.આ રેંકિંગ માટે આરોગ્ય અને સુખાકારીના સંદર્ભે ૧૧ જેટલા આરોગ્ય વિષયક માપદંડોની મસમીક્ષા કરવામાં આવે છે. જેમાં માતા મૃત્યુદર, પાંચ વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર, બાળકોનું રસીકરણ, સંસ્થાકીય પ્રસૂતિ, ટીબીના કેસોની નોંધણી, HIV ના કેસ, અનુમાનિત આયુષ્ય, રોડ અસકસ્માતને કારણે મૃત્યુદર, આત્મહત્યા દર, આરોગ્ય કર્મચારીઓનું પ્રમાણ અને ખિસ્સા બહારના આરોગ્ય ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.વધુમાં રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય સેવા માટે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં માનવ બળ મળી રહે તે માટે પણ સતત અથાગ કરવામાં આવી રહ્યાં છે.૧૦હજારની વસ્તીએ ડૉક્ટર, નર્સીસ અને મીડ વાઈફ-એ.એન.એમ ની સંખ્યાબળમાં સતત વધારો થવાના કારણે પણ એસડીજી ત્રણ ગોલના સ્કોરમાં સતત વધારો હાસંલ થયો છે.અગાઉ પ્રસિધ્ધ થયેલ સસ્ટેનેબલ ગોલ ઈન્ડેક્ષમાં આરોગ્ય વિષયક માપદંડોમાં ગુજરાતની સ્થિતિ અને આ વર્ષની સ્થિતિની સરખામણી કરતા માતા મૃત્યુદર ૭૫ (SDG ઈન્ડેક્સ ૩) થી ઘટીને ૫૭ (SDG ઈન્ડેક્સ ૪) થયો છે. જ્યારે પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો મૃત્યુદર ૩૧ (SDG ઈન્ડેક્સ ૩) થી ઘટીને ૨૪ (SDG ઈન્ડેક્સ ૪) થયો. ૯-૧૧ વર્ષના બાળકોમાં રસીકરણનો વ્યાપ ૮૭ (SDG ઈન્ડેક્સ ૩) થી વધીને ૯૫.૯૫ (SDG ઈન્ડેક્સ ૪) થયો. સંસ્થાકીય પ્રસૂતિ (%) ૯૯.૫૦ % (SDG ઈન્ડેક્સ ૩) થી વધીને ૯૯.૯૪% (SDG ઈન્ડેક્સ ૪) થઈ. HIVના પ્રતિ ૧૦૦૦ નવા નોંધાયેલ કેસનો દર ૦.૦૫ (SDG ઈન્ડેક્સ ૩) થી ઘટીને ૦.૦૩(SDG ઈન્ડેક્સ ૪) થયો છે.દેશમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલની સરેરાશ સ્થિતિની સાપેક્ષે ગુજરાતની સરખામણી કરતા દેશમાં સરેરાશ આયુષ્ય ૭૦ ની સામે ગુજરાતમાં ૭૦.૫ વર્ષ છે. દેશમાં સંસ્થાકીય પ્રસુતિ સરેરાશ ૯૭.૧૮ ટકાની સામે ગુજરાતમાં ૯૯.૯૪ ટકા, સરેરાશ માતા મૃત્યુદર ૯૭ ની સામે ગુજરાતમાં ૫૭ અને ૧૦ હજાર એ હેલ્થકેર વર્કર્સની ઉપલબ્ધતામાં દેશમાં ૪૯.૪૫ ની સામે ગુજરાતમાં ૫૫.૫૬ નું સંખ્યાબળ ઉપલબ્ધ છે. SDG ઈન્ડિયા ઈન્ડેક્સ, મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક એંડ પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન દ્વારા દર વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે.જેમાં ૧૭ લક્ષ્યાંકો સાથે સુસંગત ૧૧૩ સૂચકાંકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

# અમરેલીથી ભોજલરામધામ સુધી લેઉવા પટેલ ટ્રસ્ટ દ્વારા પદયાત્રા યોજાઈ






તા.૪/૮/૨૦૨૪ને રવિવારના રોજ લેઉવા પટેલ ટ્રસ્ટ અમરેલી દ્વારા ''ભોજલરામ પદયાત્રા'' નું આયોજન કરવામાં આવેલુ આ આયોજન ટ્રસ્ટન કોર કમીટીના સભ્ય પ્રમુખ દિનેશભાઈ ભૂવા મે.ટ્રસ્ટી ડી.કે. રૈયાણી, કાળભાઈ ભંડેચી, કાંતિભાઈ વઘારીયા, મનુબાપા દેસાઈ, કાળુભાઈ સુહાગીયાના માર્ગદર્શન નીચે આયોજીત થયેલ આ '' પદયાત્રા '' નાગનાથ મંદિર પાસે ''ભોજલરામ મંદિર''થી શરૂ કરી અમરેલી શહેરના માર્ગો પર થઈ ફતેપુર વાજતે ગાજતે પૂર્ણ થયેલ ત્યારે સર્વ પ્રથમ ભોજલરામ બાપાની આરતિ પૂજન કરી નાગનાથ મંદિરે દર્શન કરી આગળ વધેલી ત્યારે સમાજના આગેવાનો ડો. જી.જે. ગજેરા, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોડીયા, સુરેશભાઈ દેસાઈ, મુકેશભાઈ લીંબાસીયા, પ્રેમજીભાઈ ડોબરીયા તેમજ કોર કમીટી સભ્યો, કારોબારીના સભ્યો તેમજ નગરપાલીકા સભ્યો, અમરેલી બ્રહ્મ સમાજના આગેવાનો, અમરેલી લોહાણા સમાજના પ્રતિષ્ઠીત વ્યકિતઓ હાજર રહેલા ત્યારે પદયાત્રાનું પ્રથમ સ્વાગત ડો.જીવરાજ મહેતા ચોકમાં કરીયાણા એસોસીએશનના પ્રમુખ અકબરીભાઈ તથા વેપારી મિત્ર મંડળ દ્વારા પુષ્પહાર તેમજ પુષ્પથી કરવામાં આવેલુ આ સ્વાગતમાં રાજકીય આગેવાન પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત તેમજ અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલિયા પણ સ્વાગત કરી પદયાત્રામાં જોડાયેલા ત્યાર પછી ભીડભંજન મહાદેવ મંદિર પસે વૃંદાવન ડેરી ફાર્મ અને વેપારી મિત્ર મંડળ દ્વારા પદયાત્રાનું સ્વાગત કરવામાં આવેલુ ભોજલરામ પદયાત્રાને આગળ જલારામ મંદિર પાસે લોહાણા સમાજના આગેવાનો તેમજ જીતુભાઈ ગોળવાળા તેમજ લાયન્સ કલબના પ્રમુખ રાજુભાઈ વિઠલાણી દ્વારા સ્વાગત કરવામાં આવેલ તેમજ ચા–સરબતનું વિતરણ કરવામાં આવેલ ત્યાંથી આગળ હિરામોતી ચોક પાસે અતુલભાઈ કાનાણી તેમજ લેઉવા પટેલ સમાજના ભાઈઓ–બહેનોએ આરતી કરી સ્વાગત કરેલ આગળ હિરા બજારમાં હિરા ઉદ્યોગના વેપારી જયસુખભાઈ કાકડીયા, કાળુભાઈ સુહાણીયા અને આગેવાનોએ સ્વાગત કરેલ ત્યાર બાદ સરદાર ચોકમાં દિનેશભાઈ સાવલિયા, નટુભાઈ તળાવીયા દ્વારા પદયાત્રાનું સ્વાગત કરવામાં આવેલું ત્યારબાદ ચકકરગઢ રોડ ફાટક પાસે લાયન્સ કલબ ઓફ અમરેલી (મેઈન) દ્વારા છાસની પ્રસાદી આપી પદયાત્રાનું સ્વાગત કરવામાં આવેલું જેમાં કૌશીકભાઈ હયાળી, રાજુભાઈ ઝાલાવાડીયા, રાજુભાઈ વિઠલાણી અને મિત્રો જોડાયેલ તેમજ ડો. આર.વી. શીરોયા પણ જોડાયેલા આગળ જતા માદલીયા મંડપ સર્વિસ પાસે પ્રફુલભાઈ માકલીયા અને આગેવાનો દ્વારા સ્વાગત થયેલ તેમજ તમામ ચકકરગઢ રોડ વિસ્તાર સોસાયટીએ સ્વાગત કરેલ ભોજલરામ બાપા પદયાત્રા રથને પટેલ સંકુલ અંદર પ્રવેશ આપીને સંકુલની બાળાઓ દ્વારા રથનું સ્વાગત કરી રથને ખેંચવામાં આવેલો ત્યારે ડાયરેકટર વલ્લભભાઈ રામાણી, ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, મુકેશભાઈ શીરોયા, ખોડાભાઈ સાવલિયા તથા સ્ટાફ અને આગેવાનોએ પદયાત્રીઓને સરબત આપી સન્માનીત કરેલા આગળ જતા પદયાત્રા રથનું સ્વાગત નીલકંઠ સોસાયટીની બાળાઓ તેમજ અમૃતધારા સોસાયટીના આગેવાનો અને મહિલાઓએ આરતીથી સ્વાગત કરેલ ચકકરગઢ રોડ ચોકડી પાસે કાનાણીની વાડીના આગેવાનો તેમજ કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી, નરેશભાઈ સાકરીયા, પી.પી. કાબરીયા, અશ્વીનભાઈ કાનાણી અને આગેવાનોએ પદયાત્રાને સ્વાગત કરી આરતી બહેનોએ કરેલ.સાવરકુંડલા રોડ પર આવેલ મન સીટીમાં સંદિપભાઈ ધાનાણી, લાલાભાઈ ડાંગવદર તેમજ જયેશભાઈ નાકરાણી અને તમામ આગેવાનો અને મહિલાઓએ આરતી ઉતારી સ્વાગત કરી સરબતની વ્યવસ્થા કરવામાં આવેલી ત્યારબાદ ધુન–ભજન સાથે ખુબ જ મોટી સંખ્યામાં સા.કુંડલા ચોકડીએ રાસ ગરબા સાથે રથ અને પદયાત્રાનું સ્વાગત જયસુખભાઈ કપાડા, વિપુલભાઈ કપાડા, જીજ્ઞેશભાઈ કપાડા, અનિલભાઈ કપાડા અને આગેવાનો દ્વારા કરવામાં આવેલુ ત્યાંથી ફતેપુર રથ પહોંચતા ફતેપુર ગામના મહિલા મંડળ –ભોજલરામ જગ્યા અને સરપંચ જગદીશભાઈ તેમજ ગ્રામ પંચાયત દ્વારા ઉમળકાથી સામૈયા કરવામાં આવેલા તેમજ ભોજલરામબાપુ ટ્રસ્ટના ટ્રસ્ટી જગદીશભાઈ, ભરતભાઈ, નીખીલભાઈ, ભુપેન્દ્રભાઈ, ભુપતભાઈ સાવલિયા, ભાવીકભાઈ દ્વારા સ્વાગત કરવામાં આવેલુ આ તકે ખાસ ભાજપ યુવા મોરચાના પ્રમુખ મનિષભાઈ સંઘાણી, ધોરાજીયાભાઈ અને આગેવાનો ખાસ હાજર રહેલા તેમજ વકિલ હકુભાઈ ભૂવા શિતલ આઈસ્ક્રીમ પરીવાર ખાસ હાજર રહેલો આ કાર્યક્રમમાં ભોજન પ્રસાદીની સેવા શ્યામ કેટરર્સ અમરેલીના જયેન્દ્રભાઈ અરજણભાઈ શીંગાળા દ્વારા પુરી પાડવામાં આવેલી મંડપ સેવા રાધે મંડપ દ્વારા પુરી પાડવામાં આવેલી તેમજ પરત જવા માટે બસની સેવા ગુરૂકૃપા ટ્રાવેલ્સ ભાવેશભાઈ નાકરાણી તેમજ કાલરીયા ટ્રાવેલ્સ શરદભાઈ કાબરીયાએ બસ સેવા પુરી પાડેલી પદયાત્રાના રથની સેવા વિઠલભાઈ બાંભરોલીયા દ્વારા તૈયાર કરવામાં આવેલો તેમજ તમામ નાની મોટી સેવા સમાજના આગેવાનો દ્વારા વ્યવસ્થાના ભાગરૂપે પુરી પાડવામાં આવેલી ત્યારે આ પદયાત્રાને સફળ બનાવવા સંજયભાઈ રામાણી, અરજણભાઈ કોરાટ, ધનશ્યામભાઈ સોરઠીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, દિનેશભાઈ સાવલિયા, ભીખાભાઈ કાબરીયા, મેહુલભાઈ બાબરીયા, રાજુભાઈ ડીંબડીયા, શમોલીયાભાઈ, સરપંચ વસોયાભાઈ, જે.ટી. સાવલિયા, ભાવેશભાઈ કાબરીયા, અરૂણભાઈ પટેલ, જતિનભાઈ સુખડીયા, શિક્ષણ ટીમ, વેવિશાળ ટીમ, હુલાભાઈ સાથેની તમાામ વ્યવસ્થા ટીમ, સલાહકાર ટીમ, વિસ્તારના કન્વિનર, સહ કન્વિનર તેમજ સેવાભાવી વ્યકિતઓએ સેવા આપેલી તેમજ નિલેશભાઈ મુલાણી તથા રાજુભાઈ ફીણવીયાએ પણ સેવા આપેલી. આ કાર્યક્રમમાં ભોજન પ્રસાદી વ્યવસ્થા રમેશભાઈ બાબરીયા તેમજ પાણી ચોકલેટની વ્યવસ્થા સેવા ભાવેશભાઈ કાબરીયા દ્વારા પુરી પાડવામાં આવેલી આ કાર્યક્રમને સફળ બનાવા ફતેપુર ગામના યુવાનો તેમજ રાજસ્થળીના યુવાનોએ પણ પોતાની સેવા આપેલી તેમજ ભરતભાઈ કાબરીયા, દિવ્યેશભાઈ તળાવીયાએ સેવા પુરી પાડેલ તેમજ કાર્યક્રમમાં ધજા પ્રમુખ દિનેશભાઈ ભૂવા તેમજ મંત્રી પ્રો.જે.ડી.સાવલિયા સાથે આગેવાનો દ્વારા ચડાવવામાં આવેલ ત્યારે આરતીનો લાભ લીધા પછી લેઉવા પટેલ સમાજના ભાઈઓ/બહેનોએ ભોજન પ્રસાદ લઈ છુટા પડેલા તેવુ ભોજન ભગત ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી નિખીલભાઈ સાવલિયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.તેમજ તમામ નાના મોટા કાર્યકર અને સેવાભાવી વ્યકિતઓનો સ્વાગત તેમજ આભાર દર્શન કરવામાં આવેલ છે.

## ચાંદીપુરા વાયરસનો કેર યથાવત
# વડોદરામાં વધુ બે બાળકોના શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી મોત

વડોદરા, તા.૬

વડોદરામાં ચાંદીપુરા વાયરસનો કેર યથાવત જોવા મળી રહ્યો છે. વડોદરામાં વધુ બે બાળકોના શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી મોત થયા છે. સયાજી હોસ્પિટલમાં બંને બાળકો સારવાર લઈ રહ્યા હતા. જો કે બંને મૃતક બાળકોના ચાંદીપુરા વાયરસના રિપોર્ટ હજુ પેન્ડિંગ છે.પંચમહાલના ઘોઘંબાના બે વર્ષીય બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી મોત થયુ છે. પંચમહાલના કોટાલી ગામના દસ વર્ષીય બાળકીનું મોત થયુ છે. સયાજી હોસ્પિટલમાં અત્યાર સુધી કુલ ૨૧ બાળકોના સારવાર દરમિયાન મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ એક બાળક શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી સંક્રમિત છે.હાલ સયાજી હોસ્પિટલમાં નવ બાળકો સારવાર હેઠળ છે. ચાંદીપુરા વાયરસના લક્ષણો:આ વાઈરસની અસરમાં સૌથી પહેલા તાવ આવે છે. આ પછી શરીરમાં ફ્લૂ જેવા લક્ષણો દેખાવા લાગે છે. કેટલાક કિસ્સાઓમાં મગજમાં સોજો આવી શકે છે. જેના કારણે સોજો આવે છે અને જે જીવલેણ બની શકે છે. આ વાયરસ મચ્છરો અને જંતુઓના કારણે ફેલાય છે. વરસાદની મોસમમાં આ તાવ ફેલાવાનું જોખમ વધારે છે.તમારી આસપાસ સફાઈ રાખો, પાણીને ભરાવા ન દો, મચ્છરો અને વરસાદી કીડાથી અને માખીઓથી બચીને રહો, ફુલ સ્લીવના કપડાં પહેરવા જોઈએ.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં દરેડ ગામનાં ગાડા માર્ગ પર

ખેડૂતોએમામલતદારનેઆવેદનપત્રમાં રજુઆત કરેલ છે કે દરેડ ગામથી ધણકેડાંના માર્ગે પૂર્વ દિશામાં સર્વે નંબર ૩૬/૩, ૩૬/૧, ૪૦, ૪૨/૧, ૪૩તેમજ પશ્ચિમ દિશામાં સર્વે નંબર ૧૦૫, ૧૦૪, ૧૦૩ ના ખેડૂતોએ બન્ને બાજુ રસ્તાનું દબાણ કરતા રસ્તો બંધ થયો છે. આ સીમતળમાં જુના ધણકેડાંનો ગાડા માર્ગ છે તેનું દબાણ દૂર કરવા રજુઆત કરવા આવી છે.

દરેડ ગામમાં ખેડૂતોએ તાત્કાલિક અસરથી દબાણ દૂર કરવાની માંગણી સાથે વધુમાં જણાવ્યું હતું કે, રસ્તો ખુબજ દબાણમાં હોવાથી અવરજવર કરવામાં ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. અમૂકવાર કોઈ કોઈ ખેડૂત ટ્રેકટર લઈ પોતાના ખેતરમાં જતા હોય ત્યારે સામેથી ટ્રેકટર કે અન્ય વાહન પસાર થાય તો અવરજવર બંધ થાય છે અને જેના કારણે ખેડૂતો આપસી મતભેદ અને ઘર્ષણ થાય છે.

ત્યારે બાબરા મામલતદાર દ્વારા આગળ કોઈ ખેડૂતોને વધુ ઘર્ષણ ના થાય અને રસ્તાઓ ખુલ્લા થાય તે દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા લાગણી વ્યકત કરવામાં આવી છે.

## જિલ્લા વિધાનસભા સંચાલિત
# અમરેલીની કોમર્સ કોલેજમાં કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### આશીર્વાદ ફાઉન્ડેશનના નિતા જોશી પંડિતનું માર્ગદર્શન



અમરેલી તા. ૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. ના ઉપક્રમે કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.એમ.એમ. પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના નિતા જોશી પંડિતે બહેનોને કેન્સર અંગે પીપીટીના માધ્યમથી વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એમ. તળાવીયા અને એ.બી.ગોરડિયા અને એ.બી. ગોરવાડિયાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા એન.સી.સી. ઓફિસર પ્રા. વિલ્સન વસાવા અને ફેકલ્ટી મેમ્બર પ્રા. કલ્યાણીબેન રાવલે જહેમત ઉઠાવી હતી તેમ આઈ. કયુ. એ. સી. કોઓર્ડિનર પ્રા. ભારતીબેન ફિનવીયાએ જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબાપુરમાં બાળક બાદ

જે દીપડો 'આદમખોર' બન્યો છે તે નર દીપડો છે માટે વનવિભાગે પણ અન્ય કોઈનો ભોગ લેવાય તે પહેલા 'આદમખોર' દીપડાને પકડી પાડવાનું સુનિશ્ચિત કરવું પડશે.

હવે આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ગત રાત્રીનાં બાબાપુર ગામમાં ઘુસીને સિંહ દ્વારા વાછરડાનું મારણ કરવામાં આવેલ છે. હવે આસપાસ આટલા હિંસક પશુઓ વિસરતા હોય બાબાપુર સહિતનાં આસપાસનાં તમામ ગામોના લોકો સતત ભયનાં ઓથાર નીચે જીવી રહ્યા છે.

પરંતુ આ વિસ્તારની સૌથી મોટી વક્રતા એ છે કે આટલી ગંભીર ઘટનાઓ બનતી હોવા છતાં વહીવટી તંત્રનાં કોઈ ઉચ્ચ અધિકારીઓ હજુ સુધી અહીં ફરકયા નથી. માત્ર 'રેન્જ ફોરેસ્ટ ઓફિસર' અને તેમનો સ્ટાફ દોડી રહ્યો છે. અને તેથી પણ વિશેષ પોતાને હર હંમેશ ખેડુતોનાં હિતેચ્છુ ગણાવતા, પોતાને ખેડુત પુત્ર ગણાવતા અને મીઠી મીઠી વાતો કરી ભોળા ખેડુતો અને પશુપાલકોનાં મત મેળવી રાજસી જીવન જીવતા નેતાઓ બાબાપુર, તરવડા, મેડી, સરંભડા, વાંકિયા, ટીંબલા, મોટા ભંડારીયા, થોરડી, ગાવડકા, જાળીયા, પાણીયા સહિતનાં આ સમગ્ર પંથકની ખરી જરૂરિયાત સમયે ગાયબ છે. તેમની પાસે સમય નથી. આજે નરભક્ષી દીપડા દ્વારા બાળકને ફાડી ખાવાની ઘટનાને ચોથો દિવસ છે તેમ છતાં એક પણ નેતાએ બાબાપુર ગામની મુલાકાત લીધી નથી.

વિશેષ રીતે જેમને પોતીકા ગણી ખોબલે ખોબલે મત આપી ઉચ્ચ આસને બેસાડયા તેવા નેતાઓ દ્વારા સમગ્ર પંથક પર આવી પડેલા આ સંકટનાં સમયે કરવામાં આવી રહેલી અવગણના અને આવી સ્થિતિ ના આવે તે જોવાની જેમની ફરજ છે તેવા અધિકારીઓની સંવેદન હીનતાનાં કારણે સમગ્ર પંથકમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. અને હવે જો આવી દુર્ઘટના બનશે તો જે સ્થિતિ ઉત્પન્ન થશે તેની જવાબદારી આ બેજવાબદાર નેતાઓ અને વહીવટી તંત્રની રહેશે તે નિશ્ચિત છે.


સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ
MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝુલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચકકરગઢ રોડ -Ad 061


પાના ૧ ઉપરનું ચાલું
## ધારીનાં દીતલા ગામની સીમમાંથી

આ અંગેનો કેસ ધારી ખાતે આવેલ ત્રીજા એડી.સેશન્સ કોર્ટ અને સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતા સ્પે. જજ એમ.એન.શેખ દ્વારા સરકારી વકીલ વિકાસભાઈ વડેરાની દલીલોને માન્ય રાખી આરોપી પરેશ ઉર્ફે પ્રવિણભાઈ શંકરભાઈ વારસુર (રે. જુનાગઢ)ને પોકસો એકટ કલમ ૬ તથા ૪ માં કસુરવાન ઠરાવી ૨૫ વર્ષની સખત કેદ અને રૂપિયા ૫.૫૦ લાખના દંડની સજાનો હુકમ કરેલ હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરાપુર સ્વામીનારાયણ મંદિરનાં

હું આઈસીઆઈસી બેંકમાં ટ્રેડીંગનું કામ કરૂ છું, અને તમો પણ ટ્રેડીંગમાં રૂપિયાનું રોકાણ કરો, જેથી તમોને ૨૦ થી ૨૫ દિવસમાં રકમ ડબલ કરી પરત આપીશું. તેવી વાતચીત કરી અને સ્વામીને વિસમાં લઈ અને સ્વામી તથા સુરત ખાતે રહેતા અનિભાઈ રાખોલીયાના જોઈન્ટ એકાઉન્ટ બેંક ઓફ બરોડા–અમરાપુર શાખાના એકાઉન્ટ નં. ૧૬૦૧૦૧૦૦૦૦૨૭૫૭ ના ચેક નં. ૫૦૧૧૦૩ થી રૂપિયા ૪,૦૦,૦૦૦ નો ચેક તથા સ્વામીના સ્વામીનારણ મંદિરના ખાતાના સ્વામી તથા સુરત રહેતા જયંતિભાઈ હપાણીના જોઈન્ટ એકાઉન્ટ બેંક ઓફ બરોડા–અમરાપુર શાખાના એકાઉન્ટ નં. ૧૬૦૧૦૧૦૦૦૦૦૮૦૦ ના ચેક નં. ૮૪ થી રૂપિયા ૧૯,૫૦,૦૦૦ નો ચેક લઈ સ્વામી પાસેથી અલગ–અલગ સમયે બેંક ટ્રાન્જેકશનથી અલગ અલગ રકમના કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦ તથા આ સ્વામીના સેવક સાહેદને પાસેથી સ્વામી વતી રૂપિયા ૫૦,૦૦૦ ટ્રાન્જેકશનથી મેળવી તેમજ સ્વામી પાસેથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦ સહિત કુલ રૂપિયા ૨૮,૫૦,૦૦૦ ની રકમ સ્વામીને વિસમાં લઈ મેળવી લીધા હતાં. બાદમાં સ્વામીએ પોતાના રૂપિયા પરત માંગતા આરોપીએ કહેલ કે રોકાણ કરેલ રૂપિયા આઈસીઆઈસીઆઈ બેંક ટ્રેડીંગમાં ડુબી ગયેલ હોવાનું કહી રૂપિયા પોતાના ખર્ચ માટે વાપરી નાખી સ્વામી સાથે વિસઘાત તથા છેતરપીંડી કરી ગુન્હો કર્યાની અમરાપુર સ્વામીનારણ મંદિરના ગાદીપતી અને સેવા પુજા કરતાં અક્ષરવલ્લભ સ્વામી, ગુરૂ પુરાણીસ્વામી હરી પ્રિયદાસજીએ આરોપી સામે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


## ટુંકી મુદતની જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ - વડીયા તાલુકાના મેઘાપીપળીયા ગામે આવેલા ગ્રામ પંચાયત હસ્તકનું આંગણવાડી કેન્દ્ર નં.૬૨ નું મકાન તોડીપાડી,ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાનાં કામની જાહેર હરરાજી તા.૧૩/૦૮/૨૦૨૪ને મંગળવારનાં રોજ સમય સવારે ૧૦:૩૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી મેઘાપીપળીયા સ્થળે રાખેલી હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા, રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

લી.
સરપંચશ્રી
મેઘાપીપળીયા ગ્રામ પંચાયત
મો.૮૮૯૯૨ ૬૬૬૬૪


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૬ | ૧૧૭૦ |
| ૨ | શિંગ મોટી | ૯૦૨ | ૧૨૭૨ |
| ૩ | શિંગદાણા | ૧૨૨૫ | ૧૫૬૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૫૦ | ૧૫૧૯ |
| ૫ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૬૦ |
| ૬ | તલ કાળા | ૩૧૦૦ | ૩૫૩૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૫૧૭ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૬૯ |
| ૯ | જુવાર | ૫૦૧ | ૮૨૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૫ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૬ |
| ૧૨ | ચણા | ૧૦૫૨ | ૧૩૭૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૫૫ |
| ૧૪ | કપાસ | ૯૨૪ | ૧૫૪૬ |
| ૧૫ | એરંડા | ૯૫૨ | ૧૧૨૧ |
| ૧૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૭૫ |
| ૧૭ | રાયડો | ૯૬૦ | ૯૬૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૧૯ | મેથી | ૧૦૪૦ | ૧૦૯૨ |
| ૨૦ | સોયાબીન | ૭૭૦ | ૮૨૯ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૫૫૦ |
| ૨ | જીરૂ | ૪૫૫૫ | ૪૭૭૫ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૧૫ | ૨૩૭૫ |
| ૫ | મગફળી | ૧૦૮૫ | ૧૧૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૮૧ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૪૨૧ | – |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૫ | તલા કાળા | – | ૩૦૦૦ |
| ૬ | જીરૂ | – | ૪૭૬૦ |
| ૭ | કપાસ | ૧૨૪૦ | ૧૫૩૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૫૭ |
| ૧૦ | બાજરો | ૪૨૫ | ૪૭૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | – |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૩૦૫ |
| ૧૩ | મેથી | ૧૧૯૧ | – |
| ૧૪ | રાય/રાયડો | – | ૧૨૬૩ |
| ૧૫ | ધાણા | ૯૮૫ | ૯૯૦ |
| ૧૬ | સોયાબીન | ૭૯૩ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૨ | તલ | ૨૦૨૦ | ૨૦૨૦ |
| ૩ | શીંગદાણા | ૧૦૧૫ | ૧૪૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૩ | ૫૩૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૨ |
| ૪ | સોયાબીન | ૭૯૧ | ૮૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૩૦ | ૨૩૭૦ |
| ૬ | ધાણા | ૧૧૩૫ | ૧૨૭૦ |
| ૭ | તુવેર | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ૮ | અડદ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ૯ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | જુવાર | ૭૨૫ | ૭૨૫ |
| ૧૧ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૨ |
| ૨ | બાજરો | ૫૧૨ | ૫૧૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૯ | ૫૭૧ |
| ૪ | જુવાર | ૭૦૦ | ૭૫૧ |
| ૫ | ચણા | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૬ | સોયાબીન | ૮૦૦ | ૮૨૭ |

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામ ખાતે સોમનાથ મહાદેવની મહાપુજાનો શુભારંભ






ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં સંસ્થામાં બિરાજતા સોમનાથ મહાદેવમાં શિવ મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસથી મહાપૂજાનો લાભ સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા, મંજુબા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, રીતલબેન તથા સર્વ શિક્ષકો અને શિવભકતોને લાભ લેવડાવવામાં આવી રહ્યો છે. જઆખા શ્રાવણ માસ દરમ્યાન મહાપૂજા, આરતી શણગાર વગેરે કરવામાં આવે છે. આ મહાપૂજા શાસ્ત્રી સનતદાદા દ્વારા કરવામાં આવે છે, તેથી સમગ્ર ગ્રામજનો તેમજ આસપાસના ભકતોને દર્શનનો લાભ લેવા વિનંતી.

### શ્રદ્ધાળુઓના કારણે પરપ્રાંતિય ભિખારીઓ રાજયમાં મોટી સંખ્યામાં આવે છે

# ભારતમાં દશામાંના નામે ૨૦૦ કરોડનો કારોબાર : વિજ્ઞાન જાથા

### રાજસ્થાન, યુ.પી.માંથી ભીખારીઓ દશામાં વ્રત સમયે ગુજરાતમાં આવી ભીખ માંગે છે

રાજકોટ, તા. ૬

સદીઓથી ભારતમાં અનેક તહેવારો, ઉત્સવો, માન્યતાઓ, રિવાજો પ્રમાણે પોતાના પ્રાંત મુજબ આસ્થા પ્રમાણે ઉજવણી થાય છે. દેશમાં શ્રદ્ધા પ્રમાણે ઉજવણી કરવાનો સૌને હકક બક્ષેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી દશામાની ઉજવણીમાં કૌતુક ઉભું કરી, ચમત્કાર યેનકેન ધ્યાનાકર્ષણ કરી શ્રદ્ધાનો માહોલ ઉભો કરી લેભાગુઓ વેપાર સાથે રૂપિયા ખંખેરવાનું એકમાત્ર કારણ બની ગયું છે. તેવો જાથાએ સર્વે મુજબ લોકોની જાગૃતતા માટે હકીકત મુકવામાં આવે છે તેમાં દશામાના નામે મોટો કારોબાર અને પરપ્રાંતિય ભિખારીઓ કમાણી સાથે યેનકેન છેતરપિંડી કરતા હોવાનું બહાર આવ્યું છે. રાજયમાં શ્રાવણ માસ ઓગસ્ટથી કાર્તિક પૂનમ સુધી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાની જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે, છેલ્લા ૨૦ વર્ષથી જોરશોર અને ઉન્માદથી દશામાની ઉજવણી થાય છે. તેમાં છેલ્લા વર્ષોમાં દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ વિવિધ સ્વરૂપે તેમાં ચમત્કાર, વેપારે જે સ્થાન લીધું છે તે વિચારણીય છે. આ વ્રતમાં દશામાની મૂર્તિ તેનું વાહન સાંઢણી, તેના શ્રૃંગાલ, જરૂરી ક્રિયાકાંડના સાધનો, ઉપવાસ, કથાઓની ચોપડીઓ, યુટયુબ ઉપર જે રીતે પ્રચાર ખર્ચ અને વેચાણ થઈ રહ્યું છે તેનાથી સૌ કોઈ ચોંકી ઉઠશે. 'મા' દશામા હંમેશા પૂજનીય માતા શ્રદ્ધાળુઓ અને ધાર્મિક લોકો માટે રહેશે તેમાં શંકા નથી. આદિકાળથી પૂજાય તેમાં ખોટું નથી. શ્રાવણ માસમાં રાજયમાં વ્રતની ઉજવણી ચાલી રહી છે જેનો મહત્તમ ફાયદો વેપારીઓ ઉપરાંત ચાલક ભૂઈમાં અને લેભાગુઓએ ઉઠાવ્યો છે તેના સર્વેમાં 'મા' દશામાના નામે વેપારીઓ ૨૦૦ કરોડનો ધંધો કરશે તેવો જાથાનો પ્રાથમિક અંદાજ છે. રાજયમાં દશામાની ભૂઈમાની સંખ્યા અગણિત છે. તેમાં પણ ધૂણતી ભૂઈમાઓએ ચમત્કાર કરી લાખોની કમાણી શ્રદ્ધાળુઓના ખિસ્સામાંથી સેરવે છે પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલા વ્રતો, દેવ, દેવીઓના પ્રભાવ, શકિત, આરાધના, કથાઓ છે જ તેમાં વર્તમાન સમયે નવા દેવ-દેવીઓ ચમત્કારિક વ્રતો, કથાઓનો નવા ચળકાટ સાથે જોશભેર ઉમેરો અને પ્રચાર થઈ રહ્યો છે. પુરાણ, કથાઓ, સ્તુતિઓ, સ્તવન, શ્લોકો, પ્રાર્થનાઓ અમુક ચાલાક વેપારી શ્રદ્ધાળુઓ જુના શાસ્ત્રમાંથી ઉઠાંતરી કરી નવા રૂપ રંગ, આધુનિક સંગીતમાં ફીટ કરી નવી દેવ-દેવીઓમાં ઉમેરી તેનો ફોટો પણ કાલ્પનિક બનાવી ધાર્મિક શ્રદ્ધાળુઓના માથામાં બરાબર ફીટ કરવામાં સફળ થયાં છે.

જાથાના પંડયા જણાવે છે કે એક અંદાજ પ્રમાણે દશામાની વ્રતની કથાઓની ચોપડીઓ રોજની અસંખ્ય વેંચાય છે. ધાર્મિક દુકાનોમાં જથ્થાબંધ વેચાય છે. આ વ્રતની ચોપડીઓ, ૨ રૂપિયાથી લઈને ૩૦ રૂપિયા સુધીના ભાવમાં મળે છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, મહેસાણા, કડી, આણંદ, નડીયાદ, રાજકોટ, જામનગર અમરેલી, જુનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર સહિત જીલ્લાઓમાં ચોપડીઓનું ધૂમ વેચાણ થાય છે તેવું સર્વેમાં છે. વેપારીઓ ભાવમાં ફેરફાર કરે કે તુરંત બીજા અનુસરે છે. સામાન્ય રીતે એક વેપારી ૨૦૦ થી માંડીને ૪૦૦, ૮૦૦, ૧૨૦૦ થી વધુ પુસ્તિકાનું વેચાણ દરરોજનું બતાવે છે. જો તમો બીજાને આ ચોપડી પ્રચાર નહિં કરો તો માતાજીની આફત ગમે તે સ્વરૂપમાં આવે તેવો ભય, પ્રચાર પત્ર દ્વારા પણ અમુક લેભાગુઓ કરે છે. વિજ્ઞાન જાથા લોકોની જીવનપદ્ધતિમાં સુધારો થાય, પોતાના કુટુંબની આવક, સમાજનો વિકાસ, પુરૂષાર્થ, વાસ્તવિક બની, ખુલ્લુ મન રાખી ચિંતન કરી સત્ય સ્વીકારી પોતાનું જીવન સમૃદ્ધ, આનંદદાયક બને તે માટે મિશનથી કામ કરે છે. જેમાં તમામ વર્ગના લોકોનો ટેકો ઈચ્છે છે. આગળ આવવા અનુરોધ કરે છે. પોત-પોતાના ધર્મ-ઉત્સવમાં તર્ક-શંકા કરી બારીકાઈથી નિરીક્ષણ કરી લૂંટાય નહિં, માનસિક પછાત ન બને તે માટે પ્રયત્નશીલ થાય તે માટે જાથા અપીલ કરે છે.



જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે, છેલ્લા ૨૦ વર્ષના અનુભવ આધારે દશામાના વ્રત સમયે વધુમાં વધુ કૌતુકોના ફોન માહિતી આવે છે. જેમાં ભૂઈમા, ભુવા, દશામાના સ્થાનકમાં સ્વયંભૂ પ્રાગટય ચિત્ર દર્શન, કંકુ પગલા થવા, કોઈ વસ્તુમાં દશામા દેખાવા, પચ્ચા સંબંધી તરેહતરેહની હકિકત બહાર આવે છે. તેમાં ૧૦૦% ખોટી જાથાએ સાબિત કરી છે. માત્રને માત્ર બનાવો ઉભા કરવો, ગોઠવણ, પ્રચાણનો દુરઉપયોગ કરી કમાણી જ નજરમાં આવી છે. દશામાંના નામે ખોટી રીતે ઘુણી છેતરપિંડી કરતી ૮૦૮ ભુઈમાનો પર્દાફાશ કર્યો છે અને ૨૮૦૦ ઢોંગી ભૂઈમાના ધૂણવાનો ઢોંગ બંધ કરાવ્યા છે. તે હકીકત ઉપરથી લોકોએ બોધપાઠ લેવાની જરૂર છે. આ વ્રતના કારણે રાજસ્થાન, યુ.પી અને બીજા રાજયોમાંથી દર વર્ષે દશામાના વ્રત સમયે ભીખારીઓનો આવવાઓ મોકો મળે છે. દશામાના વ્રત સમાપ્તે મૂર્તિઓ, તેના વાહન સાંઢણીને પીવાના પાણી પ્રદુષિત થશે તો વિશાળ જનસમાજનું આરોગ્ય જોખમાશે. પ્રદુષણનો વિચાર કરી મૂર્તિઓને અમુક સમય એકાંતમાં રાખી ખાતર તરીકે ઉપયોગ લઈ શકાય તે વિચારવા અપીલ છે. પીવાના પાણી, ચેકડેમમાં ન નાખવા અનુરોધ છે. સરકારની જાગૃતતાના પ્રયાસના કારણે પીવાના પાણીમાં મૂર્તિઓ પધરાવવાનું બંધ થયું છે તે સારી બાબત છે.જાથા માને કે માતા-પિતા જ ભગવાન, ગુરૂ છે. ઘરને માનવ મંદિર બનાવવાની જરૂર છે. ધાર્મિક ક્રિયાકાંડો, વ્યર્થ રીત-રીવાજોના ખર્ચાઓ બંધ કરી રાષ્ટ્રીય અને સામાજીક વિકાસને અનુસરીને આ બાબતે ચિંતન કરવાની જરૂર છે.

અંતમાં જાથાના રાજય ચેરમેન જયંત પંડયા જણાવે છે કે, દશામાનાં વ્રત દરમ્યાન ખોટી રીતે ધૂણીને હેરાન કરથી અને શ્રદ્ધા સાથેચેડા કરતી ઢોંગી ભૂઈમાંની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯/૯૪૨૬૯ ૮૦૯૫૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### આરોગ્ય વિભાગ દ્વારા

# અમરેલી : વડેરા ખાતે આરોગ્યલક્ષી કામગીરી કરાઈ

### ડોર ટૂ ડોર કામગીરી કરાઈ

અમરેલી, તા. ૬

અમરેલીનાં વડેરા ગામ ખાતે વાહકજન્ય રોગ અંતર્ગત (સીએચઓ) એસ.પી રાવણા, (એમપીએચડબ્યૂ ) ડી.જી રાજયગુરુ, (એફએચડબ્યુ) કે.બી. દુધાત અને આશા કાર્યકર બીલકીસબેન તથા કાજલબેન દ્વારા મચ્છરજન્ય રોગચાળો મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાય નહી તે માટે પોરાનાશક કામગીરી, ડિસ્કારડેડ કન્ટેનર કામગીરી તેમજ ૨૦ ઘરના ખુલ્લા પાણીની ટાંકીમાં ગપ્પી માછલીઓ મુકવાની કામગીરી કરવામાં આવેલ તથા વડેરા ગામના લોકોને વાહકજન્ય રોગ તેમજ ચાંદીપુરા રોગ વિષે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ.

### જાફરાબાદ નજીક આવેલા

# બાબરકોટ ખાતે ગૌશાળાનું સમસ્ત ગ્રામજનો દ્વારા નિર્માણ થયુ

### ગૌશાળાનું વાજતે ગાજતે થયું લોકાર્પણ



જાફરાબાદ,તા. ૬

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ગામ સમસ્તના સહયોગથી રાજયસભાના પૂર્વ સાંસદ ડો.અમીબેન આહીર દ્વારા ૫ લાખની ગ્રાન્ટ ફાળવાણી સહયોગથી તૈયાર થયેલ ગૌશાળા ના લોકાર્પણ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા ગૌપૂજન કરી દિપ પ્રાગટય, આરતી ઉતારી પૂજા અર્ચના કરવામાં આવી હતી ૨૧ લાખના ખર્ચે તૈયાર થયેલ ગૌશાળા સમસ્ત ગામ લોકોના સહયોગથી ચાલશે અને ગાયોની સેવા અને સાર સંભાળ રાખશે. સમસ્ત ગામના લોકોને પણ નવો રાહ ચિંધ્યો કે પોતાના ગામમાં કોઈ ગાય ભુખી ન રહેવી જોઈએ અને તેમની યોગ્ય માવજત થવી જોઈએ સામાજીક કાર્યકર પ્રવિણભાઈ બારૈયા તથા બાબરકોટ સરપંચ અનકભાઈ સાખડ, સમસ્ત બાબરકોટના ગ્રામજનો તેમજ રામધુન કિર્તન મંડળ દ્વારા ગૌશાળામાં દાન એકઠું કરવામાં આવ્યુ હતું તેમજ સમસ્ત ગ્રામજનો દ્વારા પણ ફંડ એકઠું કરવામાં આવ્યું હતું. આ નવનિર્માણ ગૌશાળામાં મયુર દાદાની ઉપસ્થિતિમાં કથાનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે બાબરકોટ મહિલા મંડળ દ્વારા ધુન કિર્તન કરવામાં આવ્યું હતું બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પીઆઈ સોની અને કાઉન્સેલર પારૂલબેનની ઉમદા કામગીરી

# ભૈ વાહ : અમરેલીનાં મહિલા સહાયતાં કેન્દ્રએ પતિ અને પત્ની વચ્ચે સમાધાન કરાવ્યું

### દોઢ વર્ષથી રિસામણે રહેલ પત્ની અને તેના પતીનો ઘર સંસાર પુનઃ શરૂ



અમરેલી,તા. ૬

અમરેલી જિલ્લાના એક નાનકડા ગામની મહિલાને લગ્નબાદ માત્ર એક જ અઠવાડિયું રાખી અને તેણીના પતિ,સાસુ અને સસરા દ્વારા એવું કહી કાઢી મુકેલ કે 'તને કંઈક વળ ગાડ છે' જેથી અમારે રાખવી નથી. તું તારા માવતરે જ રહેજે. મને છુટાછેડા આપી દે.

આ મહિલા છેલ્લા દોઢ વર્ષથી પિયરમાં રહેતી હતી અને દોઢ વર્ષ દરમ્યાન અનેકવાર પરિણીતાના માતા-પિતાએ પોતાની દિકરીને તેના પતિ અને સાસરીયા તેડી જાય તે માટે સામાજીક આગેવાનો દ્વારા સમજાવવાના ઘણાં પ્રયત્ન કર્યા હતાં. પણ આ મહિલાનો પતિ કોઈ સંજોગોમાં તેડી જવા તૈયાર જ ના હોય, ખૂબ રાહ જોઈ કે કયારેક તે તેડી જશે, દોઢ વર્ષ થઈ ગયું પણ તેણીના સાસરિયા વાળાનો કોઈ જવાબ આવતો ના હોય, તેણીને બધા સમજાવતા કે, હવે આ તારો પતિ તને તેડી નહીં જાય, માટે તું છુટાછેડા કરી દે, પણ આ મહિલા એવું કહેતી કે " મારે એક ભવમાં બે ભવ નથી કરવા, હું જઈશ તો ત્યાં જ જઈશ ".ત્યારબાદ મહિલાના કોઈ નજીકના સગાએ સમજાવવા માટેની અરજી મહિલા પોલીસ સ્ટેશનમાં આપવાનું કહેલ અને બાદમાં એક અરજી મહિલા પોલીસ સ્ટેશન અમરેલી ખાતે આપી હતી. આ અરજી મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા ચાલતા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર(મહિલા સહાયતા કેન્દ્ર)માં કાઉન્સલીંગ માટે મોકલવામાં આવી હતી. આ અરજી અનુસંધાને કાઉન્સેલર પારૂલબેન મહિડાએ બંને પક્ષની ત્રણ મીટીંગો રાખી પી.આઈ.સોની પણ કાઉન્સેલીંગ દરમ્યાન સાથે જ રહ્યા હતા. તેમણે ખૂબ સારી રીતે બંને પતિ-પત્ની તથા પિતાને પણ સમજાવ્યા કે ઘરસંસાર આ રીતે તોડી નાખવો એ યોગ્ય નથી અને જે પણ પ્રશ્ન છે, એનો સમજીને નિકાલ કરવોએ સમજદારી છે અને પારૂલબેન મહિડા દ્વારા બંને પતિ-પત્નીને એકલા બેસાડીને ખૂબ સારી રીતે કાઉન્સેલીંગ કરવામાં આવ્યુ હતું અને બંન્ને વચ્ચે આવેલ કડવાશને દુર કરવામાં મદદ કરી સારૂ જીવવા માટે સલાહ,સુચન અને માર્ગદર્શન આપેલ હતું. પી.આઈ.સોની અને કાઉન્સેલરની મહેનતથી બંને પતિ-પત્ની આગળનું બધુ જતુ કરી અને હવે દાંપત્ય જીવનની શરૂઆત કરવાના એકબીજાને વચનો આપી બંન્ને પતિ-પત્નીએ એકબીજાની ભૂલોને માફ કરી દીધી અને સુખદ સમાધાન થયું. દોઢ વર્ષે મહિલાને એમના સાસરીયે સેન્ટરમાંથી જ વળાવવામાં આવી હતી. પહેલીવાર માતા પિતા પોતાની દીકરીને સાસરીએ વળાવતા હોય એવા ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતાં.

# કોલડા ખાતે કોલવા ભગતના મંદિરે ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાયો




અમરેલી,તા.૦૬

કોલડા ગામે શ્રાવણ સુદ બીજને મંગળવારે સંત શ્રી કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજા ચડાવીને ભવ્યથી ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યુ હતુ.

સંત શ્રી કોલવા ભગતના મંદિરે સંજયભાઈ વશરામભાઈ ગેવરીયા તેમજ વિનુભાઈ ગેવરીયા દ્વારા બાવન ગજની ધજા ચડાવવામાં આવી હતી. રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશ અખંડ જયોત સ્વરૂપે કોલેશ્વરધામ કોલડામાં બિરાજમાન છે. તેમા કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા સંત શ્રી કોલવા ભગતના મંદિરે દર પુનમે બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. તેમજ નાના બાળકોને બટુકભોજન કરાવવામાં આવે છે. ધર્મપ્રેમી ભાવિ ભકતો તેમજ શ્રદ્ધાળુઓ દર પુનમ ભરવા તેમજ અખંડ જયોતના દર્શન કરવા દૂર દૂરથી ભાવિ ભકતો આવે છે.

### રૂદ્રગણ દ્વારા ૧૨ વર્ષથી આયોજીત

# રાજુલા ખાતે અને ગૌશાળા અને મોક્ષધામના લાભાર્થે જન્માષ્ટમીનો મેળો યોજાશે

### ૨૨થી ૨૮ ઓગષ્ટ સુધી મેળો યોજાશે



રાજુલા, તા. ૦૬

પુજાબાપુ ગૌશાળાના લાભાર્થે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ રાજુલામાં ગૌશાળા તેમજ મોક્ષધામ લાભાર્થે જન્માષ્ટમી પર્વ પર લોકમેળો યોજાશે.રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ જન્માષ્ટમીના લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજુલા શહેરમાં છેલ્લા સતત ૧૨ વર્ષોથી પૂજાબાપુ ગૌશાળાના લાભાથે લોકમેળો જન્માષ્ટમીના તહેવારોમાં કરવામાં આવે છે અને જે આવક થાય છે તે તમામ ગૌશાળ ામાં વાપરવામાં આવે છે. અત્યાર સુધીમાં અનેક વિકાસ કામ પૂજા બાપુ ગૌશાળામાં કરવામાં આવ્યા છે અને ગાયોની સેવા અંધ, અપંગ અને કેન્સરગ્રંથ, નિરાધાર ગાયોની સેવા કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ રૂદ્રગણ દ્વારા માર્કેટિંગયાર્ડના ગ્રાઉન્ડમાં આ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોકમેળો જન્માષ્ટમીના તહેવારીમાં તા.૨૨/૦૮ થી ૨૮/૦૮ ૭ દિવસ સુધી આ લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે 'રૂદ્રગણ' ના યુવાનો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ લોકમેળામાં વિવિધ રાઈડ તેમજ કલાત્મક શણગાર સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. આહાલ આખરી ઓપ આપવા માટે રાજુલા રૂદ્રગણની તમામ ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.કર્મયોગીઓ જોડાયા હતા.





## રાજાશાહી વખતથી ‘‘ધણકેડા’’ કહેવાતો માર્ગ બંધ થયો

# બાબરાનાં દરેડ ગામનાં ગાડા માર્ગ પર દબાણ થયું

**ખેડૂતોને ટ્રેક્ટર કે ગાડુ લઈને અવરજવર કરવામાં મુશ્કેલી થઈ રહી છે**

**સબ ભૂમિ ગોપાલ કી સમજીને દબાણકર્તાઓ મનફાવે તે રીતે જમીન પર કરે દબાણ**

**રાજાશાહી શાસન કરતાં લોકશાહીમાં ખેડૂતોની પરેશાની વધેલી જોવા મળે છે**

**ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને માર્ગ ખુલ્લો કરવા માંગ કરી**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિમ અને ખેતરમાં વિસ્તારમાં રાજાશાહી વખતના ખેડૂતોને ગાડું લઈને પોતાના ખેતરમાં કે વાડી જવામાં કોઈ મુશ્કેલીઓ પડતી નથી. કારણ કે જેતે સમયે ૪૦ થઈ ૬૦ ફૂટનો ગાડાંમાર્ગ ખુલ્લો રાખવામાં આવતો હતો જેને ધણકેડાં માર્ગ પણ કહેવામાં આવતો હતો. કારણ માલધારીઓ પોતાના પશુઓને લઈ ચારો કરવા આવા માર્ગમાંથી પસાર થતા હતા પણ સમય જતાં ખેડૂતો દ્વારા ખેતરમાં શેઢો વધારી વધારી વાડ આગળ કરતા રહ્યા અને જૂના માર્ગ દબાતા દબાતા આજે માંડ ૧૦ થી ૨૦ ફૂટનો જોવા મળી રહ્યો છે. લગભગ તાલુકાના તમામ ગામડાઓમાં સિમ વિસ્તારમાં આ પ્રશ્ન છે પણ કોઈ આગળ આવી બોલતું નથી અને સ્થાનિક તંત્રને કોઈ પરવા નથી.

બાબરા તાલુકાના દરેડ ગામના આશરે ૫૦ થી વધુ ખેડૂતો દ્વારા જુના ગાડાં માર્ગ પર દબાણ થતા અને માર્ગ બંધ થવાના આરે આવતા અવાજ ઉઠાવવા મજબુર બન્યા છે. દરેડ ગામના

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીનાં ઋષિભાઈ પંડયાએ ૨૦ દિવસમાં નાણા બમણા કરવાની લાલચ આપી

# અમરાપુર સ્વામીનારાયણ મંદિરનાં ગાદીપતી અને સેવકો સાથે રૂપિયા ૨૮.૫૦ લાખની છેતરપીંડી કરાઈ

**વડિયા પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના અમરાપુર ગામે આવેલ સ્વામીનારાયણ મંદિર ખાતે રહેતા અને અમરાપુર સ્વામીનારણ મંદિરના ગાદીપતી અને સેવા પુજા કરતાં અક્ષરવલ્લભસ્વામી ગુરૂ પુરાણીસ્વામી હરીપ્રિયદાસજી નામનાં ૬૭ વર્ષિય સ્વામી પાસે ગત તા. ૨૭/૧/૨૪ ના રોજ ૧૨:૩૦ વાગ્યે જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ઢેબર ગામના વતની અને હાલ અમરેલીમાં રહેતા આરોપી ઋષીભાઈ પ્રવીણભાઈ પંડયાએ અક્ષરવલ્લભસ્વામી પાસે જઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## સોમનાથ મહાદેવને કેસરીયો શ્રૃંગાર કરાયો



સોમનાથ મહાદેવને શ્રાવણ માસનાં બીજા દિવસે શુધ્ધ દ્વિતીયાની તિથિ પર કેસરી પુષ્પ શણગાર કરવામાં આવ્યો હતો. પૂજારીશ્રીઓ ધ્વારા ૧૬૫ કિલો કેસરીયા પુષ્પોથી શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવને કેસરી પુષ્પથી શ્રૃંગાર કરવા ધાર્મિક રીતે પરમ પવિત્ર અને પુણ્યદાયી માનવામાં આવે છે. કેસરી પુષ્પ ભગવાન શિવને પ્રિય છે અને મહાદેવને કેસરીયા ફૂલ ચઢાવવાથી ભકતોને ધન, સુખ અને સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે. કેસરી પુષ્પનો રંગ ભગવાન શિવના તપને દર્શાવે છે. સાથે કેસરી પુષ્પમાં ઔષધિય ગુણો પણ હોય છે. સોમનાથ મહાદેવનો કેસરીયા પુષ્પ શણગાર વિશેષ પ્રસંગો પર કરવામાં આવે છે. કેસરિયો રંગ આધ્યાત્મિક દ્રષ્ટિએ શુધ્ધિ અને નિર્મળતાનું પ્રતિક છે. ત્યારે સોમનાથ મહાદેવનાં કેસરીયા શ્રૃંગારના દર્શન કરીને ભકતો ધન્ય બન્યા હતા.

## શહેરીજનોને અણધારી આફત આવતા વીજળી વગર રહેવું પડયું

# અધુરામાં પુરૂ : બગસરામાં ગેસનાં સીલીન્ડર ભરેલ રીક્ષા પીજીવીસીએલનાં પોલ સાથે અથડાતા વીજ પુરવઠો ખોરવાયો

**પાંચ કલાક સુધી વીજપોલ અને રીક્ષા એકબીજાને જોડાયેલા રહ્યા**

બગસરા, તા. ૬

બગસરામાં એલપીજી ગેસના બાટલા ભરેલ રીક્ષા વીજપોલ સાથે અથડાતા પોલ ઢળી પડયો અને રીક્ષાના ટેકે થાંભલો અટકયો અને તેના હિસાબે કોઈ જાનહાનિ થયેલ નથી. પરંતુ થાંભલા સાથે રીક્ષા અથડાઈ હતી અને પાંચ કલાક પછી થાંભલો ફીટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી. પીજીવીસીએલ વાળા થાંભલો લેવા ગયા અને પાંચ કલાકે આવ્યા ત્યાં સુધી તે વિસ્તારમાં લાઈટ વગર ધંધાર્થીઓ ફફડિયા ધંધા રોજગાર માટે લાઈટ જરૂરી હોય તો પાંચ પાંચ કલાક લાઈટ ગુલ થતા તે વિસ્તારના લોકો ત્રાહિમામ કરી ગયા હતા. પીજીવીસીએલનું તો એવું છે કે પાણી પીવું હોય ત્યારે કૂવો ખોદવો ત્યારે પાંચ કલાક બાદ પીજીવીસીએલ વાળા થાંભલો લઈને આવ્યા ત્યારબાદ લોકોએ હાંશકારો અનુભવ્યો હતો. ત્યાં સુધી બાટલા ભરેલ રીક્ષા થાંભલાને ટેકે હતી એટલે રિક્ષાવાળો બાટલાનું વિતરણ કરી ન શકયો અને રીક્ષા કાઢવા જાય તો થાંભલો નીચે પડે તેના લીધે તેની પણ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## યુવકને લગ્ન કરવાની ઉતાવળે ચિંતા વધારી

# રાજુલાનાં ડુંગર ગામનાં યુવક સાથે પાંચ ઈસમોએ યુવતીનાં લગ્ન કરાવી દીધા

**યુવક સાથે રૂપિયા ૨.૫૦ લાખની છેતરપીંડી**

અમરેલી, તા. ૬

રાજુલા તાલુકાના ડુંગર ગામે કલ્યાણનગર રેલ્વેસ્ટેશન રોડ ઉપર રહેતા અને ખાનગી નોકરી કરતાં ઉમેશભાઈ મગનભાઈ જાલોંધરા નામનાં ૩૨ વર્ષિય યુવક સાથે ગત તા. ૨૪/૯/૨૩ ના રોજ ડુંગર ગામે રહેતા ધનજીભાઈ કલ્યાણભાઈ જેઠવા, ભાવનગરના ઘોઘા ગામે રહેતા સંજયભાઈ ઉર્ફે વિજયભાઈ રાજુભાઈ મકવાણા તથા જયોતી મહેશભાઈ મકવાણા (રહે. કુંભરવાડા, શેરી નં.૧ નારી રોડ ભાવનગર), પ્રભુભાઈ, સંગીતાબેન સહિતના આરોપીઓએ પોતાના આર્થિક લાભ/ફાયદા માટે યુવક સાથે જયોતીના ખોટા લગ્ન/ફુલહાર કરાવી યુવક સાથે રૂપિયા ૨,૫૦,૦૦૦ની ઠગાઈ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)